સુવિચાર
‘‘‘પ્રાર્થના’ કરતી વખતે આપણે બોલતાં હોઈએ છીએ ને ઈશ્વર સાંભળતો હોય છે, ધ્યાનમાં આપણે સાંભળતા હોઈએ છીએ ને ઈશ્વર બોલતો હોય છે.’’
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૮/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ શ્રાવણ સુદ-૯ વર્ષ : ૧૭ અંક : ૨૧૨

## વી.એલ. ગેલાણી વિદ્યાલયની સ્કૂલ બસ વિદ્યાર્થીઓને લઈને શાળા તરફ જતી હોય

# બાબરા : સ્કૂલ વાન અને દૂધના કેન ભરેલ વાહન વચ્ચે અકસ્માત

- સદ્‌નસીબે તમામ વિદ્યાર્થીઓ સહીસલામત રહેતા હાશકારાની લાગણી જોવા મળી
- દૂધ ભરેલા વાહનનાં બોનેટનું પડીકુ વળી જતાં મોટું નુકસાન થયું
- નજીકમાંથી દોડી આવેલ નાગરિકોએ દૂધનાં વાહનમાં ફસાયેલ ચાલકને વાહનમાંથી બહાર કાઢયો
- વિદ્યાર્થીઓને સ્કૂલે તેડવા-મુકવા જતાં વાહનની સુરક્ષાની સમીક્ષા કરવી જરૂરી બની


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૦

બાબરામાં રાજકોટ–ભાવનગર હાઈવે પર વહેલી સવારે વી.એલ. ગેલાણી વિદ્યાલયની સ્કૂલ બસ અને દૂધના કેન ભરેલા કેરી વાહન વચ્ચે અકસ્માત સર્જાતા ભારે અફરાતફરી મચી હતી. કેરી વાહને સ્કૂલ બસને પાછળથી જોરદાર ટક્કર મારતા વાહનનો આગળનો ભાગ પડીકું વળી ગયો હતો. જોકે સદનસીબે સ્કૂલ બસમાં સવાર વિદ્યાર્થીઓ સહિત કોઈને ઈજા થઈ ન હતી અને મોટી જાનહાની ટળી હતી.

પંચકુંડ તરફ જવાના માર્ગ નજીક હાઈવે પર બનેલી ઘટનામાં વી.એલ. ગેલાણી વિદ્યાલયની સ્કૂલ બસ વિદ્યાર્થીઓને લઈને શાળા તરફ જઈ રહી હતી. આ દરમિયાન પાછળથી દૂધના કેન ભરીને આવી રહેલા કેરી વાહનના ચાલકે બસને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્મતની જોરદાર ટક્કરના પગલે કેરી વાહનનું આગળનું બોનેટ સંપૂર્ણપણે પડીકું વળી ગયું હતું અને ચાલક અંદર ફસાઈ ગયો હતો.

અનુસંધાન પાના ૬ ઉપર

## રખડુ શ્વાન, હિંસક પ્રાણીઓ બાદ હવે ઈયળે ઉપાધિ વધારી

# ખાંભાનાં નાનુડી ગામે લાખોની સંખ્યામાં ઈયળોનો ઉપદ્રવ વધતાં ગ્રામજનો તોબા પોકારી ગયા

### અમરેલી જિલ્લાની જનતા જીવજંતુઓ અને વિવિધ પ્રાણીઓથી પરેશાન



ખાંભા, તા. ૨૦

અમરેલી જિલ્લાનાં અનેક ગામો અને શહેરોમાં રખડુ શ્વાન, યુધ્ધે ચડતા આખલાઓ તેમજ ગીરકાંઠા વિસ્તારમાં દીપડા, સિંહ જેવા ખુંખાર પ્રાણીઓથી પરેશાન હોય, તે સમયે ખાંભાનાં નાનુડી ગામે ઈયળે ઉપાધિ વધારી છે.

નાનુડી ગામનમાં લાખોની સંખ્યામાં ઈયળોનો ઉપદ્રવ વધતી જાહેર માર્ગો, રહેણાંક મકાનો, દુકાનો સહિત જતાં નજર નાખે ત્યાં ઈયળ જોવા મળી રહી હોય. ખેતીવાડી વિભાગે ઈયળની સમસ્યાથી ગ્રામજનોને મુકત કરાવવા જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

## ૨ ડમ્પર સહિત રૂપિયા ૧૬ લાખનો મુદ્દામાલ કબ્જે

# લીલીયા મોટાનાં આંબા ખાતે ચાલતી ખનન અને પરિવહન પ્રવૃત્તિ સામે તંત્રની કાર્યવાહી

### જિલ્લામાં ખનિજ ચોરીની સમસ્યા વિકરાળ બની



લીલીયા, તા. ૨૦

લીલીયા તાલુકાના આંબા ગામે બિનઅધિકૃત રીતે ચાલતા ખનન અને પરિવહન પ્રવૃત્તિઓ પર ખાણ–ખનીજ વિભાગે લાલ આંખ કરી

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. આશુતોષ દુધાત્રા — ન્યુરો ફીઝીશ્યન, મગજના રોગોના નિષ્ણાંત
તા. ૨૧/૦૮/૨૦૨૬, શુક્રવારે, સવારે ૧૧ થી ૧
ડો. જય વિઠલાણી — કાર્ડિયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા. ૨૧/૦૮/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧:૩૦
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3
• Cashier - 2
• Sales Co - Ordinator - 7
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 2
• Telecaller - 1
• Reporting Manager - 2
• HR - Recruiter - 1
Only Male Candidates With Experience May Apply.
Location : Amreli, Gujarat.
APPLY NOW

અપોલો હોસ્પિટલ્સ–અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે, સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. જતીન વખારિયા, કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે, સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. પાર્થ જોષી, MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જન
દર મહિનાના ત્રીજા શુક્રવારે, સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. શ્રેયા બુટાલા, MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist
દર મહિનાના ત્રીજા શુક્રવારે — ડો. પ્રિતિશ શાહ, એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીઆરએનબી (નેફ્રોલોજી) કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧–એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ – ગાંધીનગર. 8401801066

## ડાયમંડ વર્કર યુનિયન–ગુજરાત દ્વારા પગાર વધારાની માંગ કરાઈ

# હીરા ઉદ્યોગમાં મંદીથી રત્ન કલાકારો આર્થિક સંકટમાં ફસાયા

**રત્ન કલાકારોનાં પગાર અને હીરાની મજૂરીનાં ભાવમાં ઘટાડો થતાં આર્થિક સંકડામણ વધી**

**છેલ્લા ૨ વર્ષમાં અંદાજિત ૮૦ જેટલા રત્ન કલાકારોએ આપઘાત કરી જીવન ટુંકાવી દીધા**

**ઓછા પગારથી કામ કરવા મજબુર રત્ન કલાકારને ઘરનું ગુજરાન ચલાવવુ મુશ્કેલ બન્યુ**

**સુરતનાં કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવીને મજુરી વધારવા માંગ કરવામાં આવી**

અમરેલી, તા. ૨૦

ડાયમંડ વર્કર યુનિયનનાં પ્રમુખે રત્ન કલાકારોની સમસ્યા દૂર કરવાની માંગ કરી છે.

તેઓએ મીડિયાને જણાવ્યું કે, હીરા ઉદ્યોગમાં છેલ્લા ઘણા સમયથી મંદી હતી જેના કારણે રત્ન કલાકારોનાં પગાર અને હીરાની મજૂરીમાં ભારે ઘટાડો કરવામાં આવ્યો હતો. જેથી રત્ન કલાકારો આર્થિક રીતે પાયમાલ થઈ ગયા છે અને મોંઘવારી ડબલ થઈ ગઈ છે અને રત્ન કલાકારો પગાર ઘટીને અડધા થઈ ગયા છે. છેલ્લા બે વર્ષમાં અંદાજે ૮૦ રત્ન કલાકારો આપઘાત કરી જીવન ટૂંકાવી લીધા હતા.

ત્યારે હાલ હીરા ઉદ્યોગમાં સુધારો દેખાઈ રહ્યો છે ત્યારે રત્ન કલાકારોનાં પગાર અને હીરાની મજૂરી જે મંદીના હિસાબે ઘટાડી દીધા હતા તેમાં વધારો કરવો જોઈએ. કેમ કે ઘણા સમયથી રત્ન કલાકારો ઓછા પગારમાં કામ કરી રહ્યા છે જેના કારણે તેમના માટે ઘર ગુજરાન ચલાવવું, મકાનની લોનના હપ્તા, બાળકોની શિક્ષણ ફી, પર્સનલ લોન હપ્તા ભરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

જેથી હીરા ઉદ્યોગનાં રત્ન કલાકારો હવે ભાવ વધારો કરવાની માંગ કરી રહ્યા છે અને ભાવનગર, તળાજામાં ભાવ વધારની હડતાળ પડી હતી અને ગઈકાલે મહુવાનાં રત્ન કલાકારોએ આવેદનપત્ર પાઠવી ભાવ વધારાની માંગ કરી છે. જો માંગણી નહી સંતોષાય તો મહુવામાં પણ હડતાળ પડશે અને સુરતમાં હાલ રત્ન કલાકારોમાં ચર્ચા ચાલી રહી છે કે હડતાળ કયારે પાડવી.

આજે અમે સુરત જિલ્લા કલેકટર મારફતે રાજયના મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવી સુરત સહિત સમગ્ર ગુજરાતના રત્ન કલાકારોનાં પગાર તથા હીરાની મજૂરી વધારવા રજૂઆત કરી છે. સાથે હીરા ઉદ્યોગમાં મજૂર કાયદાનો અસરકારક અને ચુસ્તપણે અમલ કરવા તથા રત્ન કલાકાર કલ્યાણ બોર્ડ બનાવવા, રત્ન કલાકારોના બાળકોની શિક્ષણ ફી ભરવા તથા રત્ન કલાકારોને વગર વ્યાજની લોન આપવા સહિતની માંગણી કરી હતી. તેમ અંતમાં જણાવેલ છે.

## નાના માંડવડાનાં ૪ અને સરંભડા ગામના ૧ ઈસમ દ્વારા

# શેત્રુંજી નદીમાંથી થતી રેતી ચોરી અટકાવવા ગયેલ ખાણ–ખનિજ વિભાગનાં કર્મચારીને મારી નાખવાની કોશિષ

**સુપરવાઈઝરે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ**

અમરેલી, તા. ૨૦

અમરેલી તાલુકાના મેડી – નાના માંડવડા ગામે શેત્રુજી નદીના પટ્ટમાંથી ગઈકાલે ખાણખનીજ વિભાગે કાયદેસર કાર્યવાહી કરતા અમરેલી તાલુકાના નાના માંડવડા ગામે રહેતા ચાર આરોપીઓતથા એક સરંભડા ગામે રહેતા ઈસમો મળી પાંચ ઈસમોએ ખાણખનીજ વિભાગમા માઈન સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા અધિકારી સહિતના સ્ટાફ ઉપર લોડર પુરઝડપે ચલાવી માઈન સુપરવાઈઝર ઉપર લોડર ચડાવી દઈ કમરના ભાગે મુંઢ ઈજા પહોચાડી મારી નાખવાની કોશીષ કરી, રેતી ચોરી કરી, પોતાના હવાલા વાળુ લોડર લઈ નાસી જઈ તેમજ આરોપીઓએ માયન સુપરવાઈઝર તથા સ્ટાફ સાથે ગાળા ગાળી કરી, મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

અમરેલી ખાણખનીજ વિભાગમા માઈન સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા ભાર્ગવભાઈ રામભાઈ નકુમ ગઈકાલે પોતાની ફરજ પર હોય અને તેઓની કચેરી ખાતે અમરેલી તાલુકાના મેડી–નાના માંડવડા ગામે શેત્રુજી નદીના પટામાં ગેર–કાયદેસર રીતે રેતી ચોરી થાય છે. તેવી અરજી આવેલ હોય જેથી પોતે પોતાની કચેરીના સ્ટાફ સાથે અરજી બાબતે તપાસ કરવા અમરેલી તાલુકાના મેડી–નાના માંડવડા ગામે શેત્રુજી નદીના પટ્ટમાં ગયેલ હતા.

ત્યારે ત્યાં ગેરકાયદેસર રીતે લોડરથી ડંમ્પરમાં રેતી ભરવાની પ્રક્રીયા શરૂ હોય જેથી માઈન સુપરવાઈઝરે ધોરણસર કાર્યવાહી કરવા જતા માઈન સુપરવાઈઝર તથા તેમનો સ્ટાફ કામગીરી શરૂ કરેલ ત્યારે અમરેલી તાલુકાના નાના માંડવડા ગામે રહેતા આરોપી વનરાજભાઈ ધાખડા, મહીપતભાઈ વાળા તથા શિવરાજભાઈ ધાખડાએ આવી બળ જબરીથી લોડરમાં બેસી જઈ માઈન સુપરવાઈઝરની કાયદેસરની ફરજ રૂકાવટ કરી તેમની તથા સ્ટાફને લોડરમાંથી ઉતરી જવા ગાળો આપી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી લોડરના ડ્રાઈવરથી લોડર ભગાડી નાના માંડવડા ગામે પોતાના ઘર પાસે લઈ ગયા હતા.

આરોપીએ માઈન સુપરવાઈઝરને મારી નાખવાના ઈરાદે લોડરના ડ્રાઈવરને લોડર તેમની ઉપર ચડાવી મારી નાખવાનુ કહેતા લોડરના ડ્રાઈવર રવીભાઈ મકવાણાએ પોતાના હવાલા વાળુ લોડર પુરઝડપે ચલાવી માઈન સુપરવાઈઝર ઉપર લોડર ચડાવી દઈ કમરના ભાગે મુંઢ ઈજા પહોચાડી મારી નાખવાની કોશીષ કરી, રેતી ચોરી કરી, પોતાના હવાલા વાળુ લોડર લઈ નાસી જઈ તેમજ આરોપી અક્ષય દાફડાએ માઈન સુપરવાઈઝર તથા સ્ટાફ સાથે ગાળા ગાળી કરી, મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

# ધારી : મોણવેલ અને કરમદડી ગામે તલ અને ચાંદીનાં છત્રની ચોરી

અમરેલી, તા. ૨૦

ધારી તાલુકાનાં મોણવેલ ગામે તથા કરમદડી ગામે અલગ અલગ બે ચોરીનાં બનાવો બનતા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી છે.

ધારી તાલુકાનાં મોણવેલ ગામે રહેતા ભરતભાઈ રણછોડભાઈ હિરપરા નામનાં ૫૫ વર્ષીય ખેડુતની મોણવેલ ગામની સીમમાં આવેલ વાડીનાં ગોડાઉનનાં બંધ તાળા ખોલી ગત તા. ૧૭નાં સાંજનાં ૪:૩૦ વાગ્યાથી તા. ૧૮નાં બપોરના ૩ દરમ્યાન ગોડાઉનમાં રાખેલ સફેદ તલ આશરે ૭૦ મણ જેટલા કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦ તેમજ ગોડાઉનમાં રાખેલ ડીઝલ ભરેલ ટીપણામાંથી આશરે ૫૦ લીટર જેટલુ ડિઝલ કિંમત રૂપિયા ૫૦૦૦ની મળી કુલ રૂપિયા ૧,૪૫,૦૦૦ તેમજ બાજુમાં આવેલ શૈલેષભાઈ વિઠ્ઠલભાઈ ઢોલરીયા તથા જયસુખભાઈ વિઠ્ઠલભાઈ ઢોલરીયા (રહે.મોણવેલ) વાળાની વાડીનાં ગોડાઉન (મકાન) ના તાળા ખોલી તેમાંથી આશરે ૭૦ મણ જેટલા સફેદ તલ તથા ઈલે. કટર મશીન કોઈ ઈસમ ચોરી કરી લઈ ગયાની ધારી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

જયારે બીજા બનાવમાં તા. ૧૯નાં રોજ સવારે ૮ વાગ્યાથી રાત્રે ૮:૩૦ દરમિયાન કોઈ અજાણ્યો ચોર ઈસમે કરમદડી ગામથી એકાદ કીલોમીટર આગળ જળજીવડી ગામે જવાનાં કાચા રસ્તે આવેલ મેલડી માતાના મંદીર (ડેરી) માં લગાવેલ નાના મોટા ચાંદીનાં છત્તર આશરે ૧૫૫ જેની કિંમત રૂપિયા ૭૦,૦૦૦નાં ચોરી કરી લઈ ગયાની હીંમતભાઈ ઘોહાભાઈ પાટડીયાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## અક્ષરધામ સોસાયટી તરફથી આવતા

# અમરેલીનાં શિવાજી ચોક નજીક બાઈક ચાલકે હડફેટે લેતા એક વ્યકિતનું મોત થયું

**સ્થાનિક પોલીસે નિયમાનુસાર કાર્યવાહી શરૂ કરી**

અમરેલી, તા. ૨૦

અમરેલીનાં અક્ષરધામ સોસાયટીમાં રહેતા રીકલબેન મુકેશભાઈ ગોંડલીયાનાં બાપુજી ગત તા. ૧૮નાં રોજ સાંજે જેશીંગપરા શિવાજી ચોકથી ચાલીને અક્ષરધામ સોસાયટી તરફ આવતા હોય આ વખતે કોઈ અજાણ્યો મોટર સાયકલ ચાલકે તેનું મોટર સાયકલ પુર ઝડપે રીતે ચલાવી તેણીનાં બાપુજી સાથે ભટકાવી દઈ માથાનાં ભાગે ગંભીર ઈજા પહોંચાડી મોત નીપાજાવ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ભાજપના આગેવાનોએ કરી રજુઆત

# અમરેલી થી વાયા બાબરા થઈને લાંબા રૂટની એસ.ટી. બસ સેવા શરૂ કરો

**એસ.ટી.નાં અધિકારીઓ સાથે બેઠક યોજાઈ**



બાબરા, તા. ૨૦

બાબરા શહેરના મુસાફરો અને ગ્રામ્ય વિસ્તારના લોકોને વધુ સારી એસ.ટી. બસ સુવિધા મળી રહે તે હેતુથી બાબરા શહેર ભાજપ પરિવાર દ્વારા ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની કાર્યાલય ખાતે એસ.ટી. વિભાગના મુખ્ય અધિકારીઓ સાથે વિગતવાર બેઠક યોજી રજૂઆત કરવામાં આવી હતી.

આ બેઠક દરમિયાન બાબરા શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં મુસાફરોની વધતી જતી અવરજવર અને એસ.ટી. બસોની જરૂરિયાત અંગે અધિકારીઓ સમક્ષ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને અમરેલીથી વાયા બાબરા થઈને લાંબા રૂટની વધુ બસો શરૂ કરવામાં આવે, જેથી બાબરા સહિત આસપાસના ગામોના લોકોને અમરેલી તથા અન્ય શહેરોમાં આવન–જાવન માટે વધુ સુવિધા મળી રહે તેવી ખાસ માંગણી કરવામાં આવી હતી.

આ રજૂઆત દરમિયાન બાબરા જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરિયાની સાથે બાબરા શહેર ભાજપ મંડળ પ્રમુખ કલ્પેશભાઈ બી. ખખ્ખર, મહામંત્રી રમેશભાઈ સાંગડીયા, જગદીશભાઈ વાવડીયા સહિત શહેર ભાજપ પરિવારના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

બાબરા શહેર ભાજપ પરિવાર દ્વારા પ્રજાની રોજિંદી જરૂરિયાતોને ધ્યાનમાં રાખી એસ.ટી. બસ સેવામાં જરૂરી વધારો તથા નવા લાંબા રૂટ શરૂ કરવા માટે કરવામાં આવેલી આ રજૂઆતથી મુસાફરોને આગામી સમયમાં વધુ સારી પરિવહન સુવિધા મળવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

## ગાળો બોલવાની ના પાડતા ઝપાઝપી થયા બાદ

# ગીર ગઢડાનાં દ્રોણ ગામે દુકાનદાર ઉપર છરી–કુહાડી વડે મામા–ભાણેજનો હુમલો

**દુકાનદાર સહિત ૨ વ્યકિતઓ ઈજાગ્રસ્ત**



તસ્વીર : ધર્મેશ જેઠા–ઉના

ઉના, તા. ૨૦

ગીર સોમનાથ જિલ્લાનાં ગીર ગઢડા તાલુકાનાં દ્રોણ ગામમાં દુકાનદાર પર છરી અને કુહાડી વડે હુમલો કરવાની ઘટના બની છે. દુકાનની બહાર ગાળો બોલવાની ના પાડતા મામા–ભાણિયા વચ્ચે પ્રથમ ઝપાઝપી થઈ હતી. ત્યારબાદ બંને ફરીથી દુકાને આવી ધારદાર હથિયારો સાથે હુમલો કરતા દુકાનદાર તથા તેને બચાવવા વચ્ચે પડેલા તેના ભાઈને ઈજા પહોંચી હતી. બંનેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ફરિયાદ મુજબ, દ્રોણ ગામની મુખ્ય બજારમાં વેપાર કરતા ૪૦ વર્ષીય લાલજીભાઈ પુનાભાઈ બારીયા ૧૮ ઓગસ્ટની રાત્રે પોતાની દુકાને પરત ફર્યા હતા. આ દરમિયાન તેમની દુકાનની બાજુમાં રોડ પર ગામનાં રહીમ બાબુ બ્લોચ અને તેનો ભાણિયો સાજીદ ગાળો બોલતા હતા. લાલજીભાઈએ બંનેને ગાળો નહીં બોલવા જણાવતાં તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને લાલજીભાઈ સાથે ઝપાઝપી કરી ત્યાંથી જતા રહ્યા હતા.


થોડા સમય બાદ બંને ફરીથી લાલજીભાઈની દુકાને આવ્યા હતા. રહીમનાં હાથમાં છરી અને સાજીદનાં હાથમાં કુહાડી હતી. સાજીદે દુકાનનાં થડા પર કુહાડીનો ઘા કર્યો હતો. આથી લાલજીભાઈ દુકાનની બહાર આવતા રહીમે તેમના પર છરીથી હુમલો કર્યો હતો. છરીનાં ઘા છાતી તથા પડખાનાં ભાગે વાગતાં લાલજીભાઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

ઘટના દરમિયાન દેકારો થતાં લાલજીભાઈની પત્ની દયા તથા તેમના ભાઈ પ્રદીપ વચ્ચે પડયા હતા. આ દરમિયાન પ્રદીપભાઈને પણ છરી વાગતાં ઈજા પહોંચી હતી. ઘટના સ્થળે શેરીનાં લોકો એકત્ર થતાં રહીમ અને સાજીદ ત્યાંથી દોડી ગયા હતા.

ઈજાગ્રસ્ત લાલજીભાઈ તથા તેમના ભાઈ પ્રદીપને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઉના સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. પ્રાથમિક સારવાર બાદ લાલજીભાઈને વધુ સારવાર માટે વેરાવળની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન લાલજીભાઈની છાતીનાં ભાગે સાત ટાંકા લેવામાં આવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

સમગ્ર ઘટનાને પગલે દ્રોણ ગામમાં ચકચાર મચી ગઈ છે. બનાવ અંગે લાલજીભાઈ બારીયાએ ગીર ગઢડા પોલીસ મથકમાં રહીમ બાબુ બ્લોચ અને તેના ભાણિયા સાજીદ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદનાં આધારે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તેમજ હથિયાર સંબંધિત જાહેર નામાનાં ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે સમગ્ર મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાબરા : શ્રી વડલીવાળી મેલડી માઁ ને મહાદેવનો અનુપમ શણગાર



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૦

બાબરામાં શ્રી વડલી વાળી મેલડી માઁ ને પવિત્ર શ્રાવણ માસમાં મહાદેવનો અનુપમ શણગાર કરાયો માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા શ્રાવણ માં મેલડી માઁ ને દિવ્ય અને અનુપમ મહાદેવનો દિવ્ય શણગાર કરવામાં આવતા ભાવિકોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## નાનપણથી લઈને યુવાની સુધી સાથે રહેલી

# અમરેલીના બાબાપુર ગામની દીકરીઓનો સુરત ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

**૪૨૫ જેટલી દીકરીઓએ જુની યાદો તાજી કરી**



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં બહેનોમાં જયાં સાક્ષરતાનું સૌથી ઊંચું પ્રમાણ છે એવા બાબાપુર ગામની દીકરીઓ દ્વારા પણ સુરત મુકામે સખી સ્નેહ મિલન યોજાયું હતું. સ્વતંત્રતાના આ પાવનપર્વે ૪૨૫ જેટલી બહેનોએ મળીને માત્ર એક દિવસ પૂરતી જૂની યાદોને તાજી ન કરી પરંતુ હવેથી મળતા રહેવાની અને એક ગામ પરિવારની બહેનના નાતે એકબીજાના સુખ દુઃખમાં ભાગીદાર થતા રહેવાની શુભ શરૂઆત કરી.

બધી બહેનોએ સાથે મળીને માત્ર ભૂતકાળને વાગોળ્યો નહી પરંતુ એ સમયની દુકાનો, રમતો, ઉત્સવો ઉજવીને જાણે ભૂતકાળને જીવંત કર્યો. બધાએ તોફાનો કર્યા ખડખડાટ હસ્યા અને એ મસ્ત જીવનની યાદે આંખો પણ ભીની કરી. આ આયોજનને સફળ બનાવવા દક્ષાબેન રીબડિયા, મનીષાબેન રીબડિયા, શિલ્પાબેન ગોંડલિયા, નિમુબેન ધડુક અને સમિતિના સભ્યોએ અથાક મહેનત કરી. એકતાબેન અને રૂપલબેન ગોંડલિયાના ઉદબોધનમાં બધા ભાવવિભોર બન્યા...

આનંદ અને ગૌરવની વાત તો એ છે કે જે ક્ષેત્રમાં બહેનો અને તેમનો પરિવાર જયાં કાર્યરત હશે ત્યાંથી તે ગામને યથાશક્તિ મદદરૂપ થશે... અને હવે સૌ ગામડે મળશે એવા શુભ સંકલ્પ સાથે સે પિયરના અઢળક પ્રેમ સાથે છૂટા પડયા.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાની રજુઆત

# ગ્રાન્ટેડ હાઈસ્કૂલના માધ્યમિક તથા ઉચ્ચત્તર શિક્ષકોની આંતરિક બદલી કેમ્પ વાર્ષિક રાખો

**રાજયનાં શિક્ષણમંત્રી ડો. વાજાને પત્ર પાઠવ્યો**



અમરેલી, તા. ૨૦

અમરેલીના જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાએ રાજયનાં શિક્ષણ મંત્રી ડો.પ્રધ્યુમન વાંજાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે,વર્તમાન સમયમાં શિક્ષણ વિભાગમાં ગ્રાન્ટેડ હાઈસ્કૂલમાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિકમાં ફરજ બજાવતા શિક્ષક માટે દર પાંચ વર્ષે બદલી કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેના કારણે ઘણા શિક્ષકોને સામાજીક, પારિવારિક મુશ્કેલી હોવા છતાં પાંચ વર્ષ સુધી પોતાના વતનમાં બદલીની રાહ જોવી પડે છે. જેના કારણે શિક્ષકોમાં ખુબ અસંતોષ જોવા મળે છે. અમારી રજુઆત એવી છે કે જો ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિકમાં ફરજ બજાવતા શિક્ષકો માટે દર વર્ષે જો ઉનાળુ વેકેશનમાં બદલી કેમ્પનું આયોજન કરવામાં આવે અને યોગ્ય રજુઆત ધરાવતા શિક્ષકોને દુરના જિલ્લાથી વતનમાં બદલી કરવામાં આવે તો તેઓની મુશ્કેલી દુર થઈ શકે તેમ છે. અને શિક્ષકો સામાજીક જવાબદારીની સાથે શૈક્ષણિક જવાબદારીઓ પણ સારી રીતે નિભાવી શકે છે. તેથી આ રીતેની બદલી કેમ્પની વ્યવસ્થા કરવી જોઈએ.

આ બાબતે અગાઉ પણ ઘણી રજુઆત અરજીઓ થયેલ છે. પરંતુ આ અંગે શિક્ષણ વિભાગ દ્વારા કોઈ બદલી નિયમોમાં ફેરફાર કરવામાં આવેલ નથી. તેથી આ બાબતે તાત્કાલિક જરૂરી પગલા લઈ બદલી નિયમોમાં ફેરફાર કરી દર વર્ષ ઉનાળું વેકશનમાં ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનાં શિક્ષકોનો બદલી કેમ્પ રાખવા અંતમાં માંગ કરેલ છે.

## જનઆરોગ્ય સાથે ચેડા થતાં હોવાની ફરિયાદ બાદ આળશ ખંખેરી

# અમરેલીમાં એનાલોગ પનીર સામે ફૂડ વિભાગ દ્વારા તપાસ શરૂ

**શહેરનાં ૨૩ જેટલા ફૂડ બિઝનેસ એકમોની તપાસ કરી રૂપિયા ૨૬૯૦ની કિંમતનો જથ્થાનો નાશ કર્યો**

**૬થી ૧૩ ઓગષ્ટ દરમિયાન કુલ ૪૮ એકમોની તપાસ કરવામાં આવી**

**પ્રતિબંધિત એનાલોગ પનીરનો રૂપિયા ૧૮૬૮૫ની કિંમતનો જથ્થો ઝડપી નાશ કર્યો**

**જો કે સમગ્ર જિલ્લામાં સેંકડો અખાદ્ય પદાર્થનું વેચાણ થતું હોય તેની સામે પણ તપાસ જરૂરી બની છે**






અમરેલી, તા. ૨૦

ખાદ્ય પદાર્થોની ગુણવત્તા જળવાઈરહે તેમજ નાગરિકોને સ્વચ્છ અને આરોગ્યપ્રદ ખાદ્ય ચીજવસ્તુઓ મળી રહે તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, અમરેલી દ્વારા અમરેલી શહેરમાં વિવિધ સ્થળોએ સઘન ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. તા. ૧૯ ઓગષ્ટ, ૨૦૨૬ના રોજ અમરેલી નગરપાલિકા વિસ્તારના લાઠી રોડ, નવા બસ સ્ટેશન સામે તથા કેરીયા રોડ વિસ્તારમાં ફરસાણ, ફાસ્ટ ફૂડ તથા અન્ય મળી કુલ ૨૩ ફૂડ બિઝનેસ ઓપરેટરોની તપાસ કરવામાં આવી હતી.

ચેકિંગ દરમિયાન આશરે ૧૦.૫ કિલોગ્રામ ફરસાણ સહિત અન્ય ખાદ્ય પદાર્થો ૧ પેકેટ બ્રેડ, ૫-પાઉ પેકેટનો કુલ રૂા. ૨,૬૯૦નો જથ્થો મળી આવતા તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન તમામ ફૂડ બિઝનેસ ઓપરેટરોને તેમના પરિસરમાં સ્વચ્છતા જાળવવા તેમજ હાઈજિનના નિયમોનું પાલન કરવા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. તેમજ ન્યૂઝ પેપરમાં કોઈપણ ખાદ્ય પદાર્થનું પેકિંગ ન કરવા પણ તાકીદ કરવામાં આવી હતી.

આ ઉપરાંત, તા. ૬ ઓગષ્ટ, ૨૦૨૬થી તા. ૧૩ ઓગષ્ટ, ૨૦૨૬ દરમિયાન પ્રતિબંધિત એનાલોગ પનીર અંગે જિલ્લામાં કુલ ૪૮ એકમોની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન અંદાજે ૫૧.૪ કિલોગ્રામ પ્રતિબંધિત એનાલોગ પનીર મળી આવતા આશરે રૂા. ૧૮,૬૮૫ની કિંમતનો જથ્થો જપ્ત કરી નાશ કરવામાં આવ્યો હતો. વધુમાં જિલ્લાની ૨ પેઢીઓના એનાલોગ પનીર બનાવટના પરવાના સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાદ્ય પદાર્થોમાં ગુણવત્તા અને સ્વચ્છતા જળવાઈ રહે તે માટે નિયમિત ચેકિંગ તથા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. નાગરિકોના આરોગ્ય સાથે ચેડા કરતી હલકી ગુણવત્તાવાળી અથવા પ્રતિબંધિત ખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ કરતા એકમો સામે નિયમોનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ ડેઝીગ્નેટેડ ઓફીસર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, અમરેલી વર્તુળ ની એક યાદીમાં જણાવાયું છે.

## જાફરાબાદનાં મીઠાપુર ગામે રહેતા અમરેલી-રાજકોટ રૂટની બસનાં વૃધ્ધ મુસાફરનાં ખિસ્સામાં હાથફેરો

**ડ્રાઈવીંગ લાયસન્સ, આધારકાર્ડ અને રોકડની ચોરી**

અમરેલી, તા. ૨૦

જાફરાબાદ તાલુકાનાં મીઠાપુર પોલીસ સ્ટેશન પાસે રહેતા બાબાભાઈ આપાભાઈ વરૂ નામનાં ૬૦ વર્ષીય વૃધ્ધ ગત તા. ૧૮નાં રોજ બપોરે ૧ વાગ્યે અમરેલી બસ સ્ટેન્ડ અમરેલી ડેપોમાંથી નાથાભાઈ ભાણાભાઈ જોગદીયા (રહે. મીઠાપુર) સાથે અમરેલી રાજકોટ બસ નં. જીજે-૧૮ જેડ ૮૬૦૬ વાળીમાં બેસવા જતા બસમાં ચડતી વખતે ટ્રાફીક હોય જેમા કોઈ અજાણ્યો ઈસમે વૃધ્ધનાં ખીસ્સામા રહેલ આધારકાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, પાનકાર્ડ, કીસાન ક્રેડીટ કાર્ડ તથા રોકડ રૂપિયા ૯૦૦ શર્ટનાં ઉપરનાં ખીસ્સામાંથી બળજબરીથી છીનવી લઈ જઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ૭૩ લાખ જેવી રોકડ અને બનાવટી દસ્તાવેજ બનાવી રાજુલાનાં વેપારી યુવક સાથે ભાવનગરનાં ઠક્કરબંધુએ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૦

ભાવનગર ગામે રહેતા આરોપી મયુરભાઈ જગદીશભાઈ ઠક્કરએ રાજુલા ગામે વાવેરા રોડ ઉપર આવેલ આહિર જ્ઞાતિ વાડી સામે રહેતા દિપકભાઈ ઘનશ્યામભાઈ આહિર નામના ૩૦ વર્ષીય વેપારી સાથે દ્વારકાધીશ સ્ટીલ પ્રા.લી. નામની કંપની શરૂ કરેલ હતી.

ત્યારબાદ આરોપી મયુરભાઈ જગદીશભાઈ ઠક્કરે વેપારી યુવકને વિસમાં લઈ આરોપીએ તેના ભાઈ વિરલભાઈ જગદીશભાઈ ઠક્કરની મદદગારીથી વેપારી યુવકના નામનો ખોટો રેજીગ્નેશન લેટર તૈયાર કરી તેમાં વેપારી યુવકની ખોટી સહી કરી અને રજીસ્ટાર ઓફ કંપની અમદાવાદમાં વેપારી યુવકની જાણ બહાર મોકલી દઈ અને ખોટા દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરી વેપારી યુવકનું નામ દ્વારકાધીશ સ્ટીલ પ્રા.લી. ના ડાયરેકટરમાંથી કાઢી નાખી પોતાની મેળે કંપનીનું નામ દ્વારકાધીશ સ્ટીલ પ્રા.લી.માંથી બદલી શિવાર્થ ઈસ્પાત પ્રા.લી. કરી નાખેલ હતું.

તેમજ વેપારી યુવકે આરોપી મયુર જગદિશભાઈ ઠક્કરને જુદી જુદી તારીખે બિલ્ડીંગ મટીરીયલ્સનો સામાન મોકલેલ હતો. જેમાથી મટીરીયલ્સના કુલ રૂપિયા ૭૩,૪૫,૩૦૭ બાકી નીકળતા હોય જે રૂપિયા પણ નહિ આપી વેપારી યુવક સાથે આરોપી બંને ભાઈઓએ છેતરપીંડી અને વિસઘાત કરી વેપારી યુવકના નામના ખોટો દસ્તાવેજ બનાવી તેમા ખોટી સહી કરી તેનો ખરા તરીકે ઉપયોગ કર્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

હમરાજ ગાઠીયા હાઉસ


શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા
અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી
દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફુટથી ભરપુર મીઠી ગુંદી મળશે
બપોર પછી ૬ થી ૯ સુધી તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે
૧ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૮૦/-માં
સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઇટની સામે, ક્રિષ્ના ડાઈનિંગ હોલની નીચે, અમરેલી
સંપર્ક
ભાણાભાઈ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪
















### રાષ્ટ્રીય ગીત વિવાદ પર અમિત શાહના પ્રહાર

# કોંગ્રેસે 'વંદે માતરમ' ના બે ટુકડા કર્યા, બે છંદ ગાવાનો નિર્ણય રાષ્ટ્રવિરોધી

**કોંગ્રેસે સંસદના નિર્ણયનો અનાદર કર્યો છે અને પોતાના જીવનું બલિદાન આપનારા લાખો શહીદોનું ઘોર અપમાન કર્યું છે : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ**

નવી દિલ્હી, તા.૨૦

'વંદે માતરમ' વિવાદ પર ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે. આજે ગુરુવારે મીડિયા સાથે વાત કરતા, અમિત શાહે એવી ટિપ્પણી કરી કે, કોંગ્રેસે ગઈકાલે રાષ્ટ્રવિરોધી નિર્ણય લીધો હતો. 'વંદે માતરમ' ના ફક્ત બે છંદ ગાવાનું પગલું રાષ્ટ્રવિરોધી છે. શાહે કહ્યું કે કોંગ્રેસે મુસ્લિમ સમુદાયને ખુશ કરવા માટે ૧૯૩૭ માં દેશના ભાગલાનો પાયો નાખ્યો હતો, જેના કારણે 'દ્વિ-રાષ્ટ્ર સિદ્ધાંત' મજબૂત બન્યો, જેના કારણે દેશનું વિભાજન થયું અને પાકિસ્તાનનું નિર્માણ થયું. શાહે ભારપૂર્વક જણાવ્યું કે, મોદી સરકારે કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી તે ઐતિહાસિક ભૂલને સુધારી છે.

ગૃહમંત્રી અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે, મોદી સરકારે ભૂતકાળની ભૂલ સુધારીને અને આખું ગીત ગવાય તેની ખાતરી કરીને રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવી છે. "અમે તમામ સરકારી કાર્યક્રમોમાં આખું ગીત ગાવાના નિર્ણયને કાનૂની સમર્થન પણ આપ્યું છે. કોંગ્રેસે આની અવગણના કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય સ્પષ્ટપણે તેમની તુષ્ટિકરણની નીતિને પ્રતિબિંબિત કરે છે. વોટ-બેંકની રાજનીતિ ખાતર, તેઓએ 'બંકિમ બાબુ'ની અમર રચના તેમજ સ્વતંત્રતાનો નારા લગાવતી વખતે ફાંસી પર ચઢેલા તેમજ વર્ષો જેલમાં વિતાવેલા લાખો શહીદોનું ઘોર અપમાન કર્યું છે."

શાહે એમ પણ કહ્યું કે જ્યારે કોંગ્રેસ આજે ૧૯૩૭ના તેના જૂના ઠરાવને વળગી રહી છે. ત્યારે તે સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદાનું પાલન કરવાનો ઈનકાર કરી રહી છે. આશ્ચર્યજનક છે કે, રાહુલ ગાંધીના નેતૃત્વમાં, કોંગ્રેસ ફરી એકવાર તુષ્ટિકરણની રાજનીતિનો આશરો લઈ રહી છે. દેશે અગાઉ 'વંદે માતરમ'ને બે ભાગમાં વહેંચવાની ભૂલ કરી છે અને તેના પરિણામો ભોગવ્યા છે. હવે, રાષ્ટ્રએ કોંગ્રેસના આ નિર્ણય સામે એક થવું જોઈએ અને જાહેર કરવું જોઈએ કે તેમની તુષ્ટિકરણની રાજનીતિ હવે સહન કરવામાં આવશે નહીં. ભાજપ કોંગ્રેસના આ નિર્ણયની નિંદા કરે છે. શાહ અને ભાજપ દ્વારા આપવામાં આવેલા નિવેદનોનો જવાબ આપતા, કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે કહ્યું કે, ભાજપ પેપર લીક, દાનની ચોરી અને અરુણાચલ પ્રદેશમાં ચીની ઘૂસણખોરી જેવા મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહી છે. આ રાષ્ટ્રીય મુદ્દાઓ દબાણયુક્ત છે, અને ભાજપ તેમાંથી ધ્યાન ભટકાવવા માટે આ પ્રકારના નિવેદનબાજી કરી રહી છે. આપણે ૧૯૩૭થી 'વંદે માતરમ' ગાઈ રહ્યા છીએ. આપણા માટે આમાં નવું શું છે? રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત બંને આપણામાં ઊંડી લાગણી જગાડે છે કારણ કે તે ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો ભાગ હતા. ભાજપ સ્વતંત્રતા સંગ્રામ વિશે કંઈ જાણતો નથી.

### ગલ્ફમાં ફરી તણાવને કારણે ઇંધણના ભાવમાં વધારો

# રસોડાનું બજેટ બગડશે : ઘઉં અને ડુંગળીના ભાવ ઉછળ્યા

**હકીકતમાં, ચાલુ વૈશ્વિક તણાવની અસર ભારતના ઇંધણ અને ખાદ્યપદાર્થોના ભાવ પર સૌથી વધુ દેખાય છે**

નવી દિલ્હી, તા.૨૦

મધ્ય પૂર્વમાં તણાવ બાદ તેલ કંપનીઓએ મે મહિનામાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો હતો. જૂન પછી ઈંધણના ભાવમાં ઘટાડો થવાની અપેક્ષાઓ વધી હતી, જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવને કારણે કાચા તેલના ભાવમાં ઘટાડો થયો હતો. જોકે, ગલ્ફમાં ફરી તણાવને કારણે ઈંધણના ભાવમાં ઘટાડો થવાની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. હકીકતમાં, ચાલુ વૈશ્વિક તણાવની અસર ભારતના ઈંધણ અને ખાદ્યપદાર્થોના ભાવ પર સૌથી વધુ દેખાય છે.અમેરિકા અને ઈરાન વચ્ચે નવા કરારની આશાઓ ઓછી થતાં ક્રૂડ તેલના ભાવ વધી રહ્યા છે. પરિણામે, બ્રેન્ટ ક્રૂડ $92 પ્રતિ બેરલની નજીક પહોંચી ગયું છે, જ્યારે WTI ક્રૂડ $85 પ્રતિ બેરલની સપાટીને વટાવી ગયું છે. એવી આશંકા છે કે ક્રૂડના ભાવ ટૂંક સમયમાં પ્રતિ બેરલ $100 ની નજીક પહોંચી શકે છે. તેલના ભાવમાં આ વધારો એવા સમયે થયો છે જ્યારે ભારતમાં પેટ્રોલ અને ડીઝલ સસ્તા થવાની અપેક્ષાઓ હતી. જોકે, પરિસ્થિતિ થોડી રાહત આપે છે, કારણ કે હોર્મુઝ સ્ટ્રેટની આસપાસની અનિશ્ચિતતા અને ઈરાન અને અમેરિકા વચ્ચે વધતી જતી તકરારને કારણે ઉર્જા બજારમાં ચિંતા વધી છે.ભારત માટે પરિસ્થિતિ ખાસ કરીને ગંભીર છે, કારણ કે દેશ તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતોના ૮૫ ટકાથી વધુ આયાત કરે છે. મોંઘા ક્રૂડ ઓઈલ પરિવહન અને લોજિસ્ટિક્સ ખર્ચમાં વધારો કરી શકે છે. લાંબા સમય સુધી ઊંચા ભાવ ઈંધણના દરો પર દબાણ લાવી શકે છે.તેલની સાથે, ખાદ્ય બાસ્કેટ અંગે બીજી ચિંતા ઉભરી આવી છે. ઘઉંના ભાવમાં વધારો થવાથી લોટ અને બ્રેડ જેવી આવશ્યક ચીજવસ્તુઓની કિંમત અંગે પ્રશ્નો ઉભા થયા છે. ઘઉંના મુખ્ય નિકાસકારો રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા તણાવથી કાળા સમુદ્રના ક્ષેત્રમાંથી પુરવઠા અંગે ચિંતાઓ ઉભી થઈ છે. આની અસર આંતરરાષ્ટ્રીય બજારોથી લઈને ભારતીય જથ્થાબંધ બજારો (મંડીઓ) સુધી દરેક જગ્યાએ દેખાય છે. વૈશ્વિક બજારમાં, ઘઉંના ભાવ પ્રતિ બુશેલ ઈ૬.૭ ની આસપાસ પહોંચી ગયા છે. છેલ્લા મહિનામાં દેશભરના મુખ્ય બજારોમાં ઘઉંના ભાવમાં લગભગ ૪ ટકાનો વધારો થયો છે. સ્વાભાવિક રીતે, ઘઉંના આ વધતા ભાવ લોટ, બ્રેડ અને અન્ય ખાદ્ય ઉત્પાદનોના ભાવમાં વધારો કરી શકે છે.રસોડા સંબંધિત ચિંતાઓ ત્યાં સમાપ્ત થતી નથી; ડુંગળીના ભાવ પણ ઘરના બજેટ પર દબાણ લાવવા લાગ્યા છે. ડુંગળીનો સરેરાશ છૂટક ભાવ પ્રતિ કિલોગ્રામ રૂ.૩૭.૨૦ પર પહોંચી ગયો છે, જે એક મહિના પહેલા ?૩૪.૫૩ પ્રતિ કિલોગ્રામ હતો. એક વર્ષ પહેલા, ભાવ પ્રતિ કિલોગ્રામ રૂ.૨૬.૮૬ હતો. આ વધારો ખરીફ ડુંગળીના પાકના આગમનમાં વિલંબને કારણે છે, જેના કારણે બજાર પર દબાણ આવ્યું છે.તેલથી લઈને ઘઉં અને ડુંગળી સુધી, વિશ્વના વિવિધ ભાગોમાં ઉદ્ભવતા તણાવની સીધી અસર ભારતીય ગ્રાહકોના ખિસ્સા પર પડી રહી છે. પરિણામે, બધાની નજર બે મોરચે છે: મધ્ય પૂર્વની પરિસ્થિતિ વચ્ચે તેલના ભાવનો માર્ગ અને કાળા સમુદ્રના ક્ષેત્રમાં પુરવઠા સંકટની ગંભીરતા. બંને પરિબળો તમારા વાહનના ચાલતા ખર્ચ અને તમારા ઘરના ખાદ્ય બજેટ પર સીધી અસર કરી શકે છે.

### મિથેનોલ અને સપ્લાય ચેઇન અંગે તપાસ શરૂ

# ભાવનગર લઠ્ઠાકાંડ: તમામ ૧૩ આરોપીના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર

**૧૩ આરોપીઓ ૩૧ ઓગસ્ટ સુધી પોલીસ કસ્ટડીમાં રહેશે, મિથેનોલ સપ્લાય ચેઇન અને વેચાણ નેટવર્કની તપાસ શરૂ**

ભાવનગર, તા.૨૦

ભાવનગરમાં સર્જાયેલા ચકચારી લઠ્ઠાકાંડ કેસમાં પોલીસે મોટી કાર્યવાહી કરતાં ઝડપાયેલા તમામ ૧૩ આરોપીઓને ગુરુવારે ભાવનગર જિલ્લા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ત્રીજા એડિશનલ જજ ધર્મેશ જાનીની કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા ૧૩ આરોપીઓના કોર્ટે ૧૦ દિવસના એટલે કે તમામ આરોપીઓને ૩૧ ઓગસ્ટ સુધી પોલીસ રિમાન્ડ પર સોંપવાનો આદેશ આપ્યો છે.

ભાવનગર લઠ્ઠાકાંડના ચકચારી કેસમાં સંડોવાયેલા ૧૩ આરોપીઓને ગુરુવારે ભાવનગર જિલ્લા કોર્ટ ખાતે રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં એસએમસીની ટીમે કેસની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે આરોપીઓના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરતા રજૂઆત કરી હતી કે ઝેરી દારૂ બનાવવા માટે વપરાયેલ મિથેનોલ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને દારૂની બોટલો પર લગાવવામાં આવેલા બ્રાન્ડેડ સ્ટીકર્સ ક્યાંથી મેળવવામાં આવ્યા હતા. નકલી દારૂ તૈયાર કરવાની સમગ્ર પ્રક્રિયા તેમજ તેના વેચાણના નેટવર્ક અંગે પણ SMC ઊંડાણપૂર્વક તપાસ કરવાની બાકી છે જેના કારણે આરોપીઓની હાજરી જરૂરી છે.તપાસ એજન્સીઓના જણાવ્યા મુજબ રિમાન્ડ મેળવવા માટે મુખ્ય કારણો રજૂ કરતા કોર્ટ સમક્ષ કહ્યું હતું કે લઠ્ઠાકાંડમાં અત્યાર સુધીમાં ૯ લોકોના મોત થયા છે,

જ્યારે ઝેરી દારૂનો જથ્થો અન્ય કયા વિસ્તારોમાં પહોંચ્યો હતો તે અંગે પણ તપાસ કરવી પણ જરૂરી છે.આરોપીઓ પ્રાથમિક તપાસમાં રો-મટીરીયલ દિલ્હી સહિત અન્ય રાજ્યોમાંથી લાવવામાં આવ્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે જેને પગલે રાજ્ય બહાર આરોપીઓને વિવિધ સ્થળોએ લઈ જઈ તપાસ કરવાની જરૂરિયાત પોલીસ દ્વારા કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

SMC હવે સપ્લાય ચેઈન, અન્ય રાજ્યોમાં આરોપીઓના સંપર્કો, તેમજ મુખ્ય સૂત્રધાર રઈસ દ્વારા ગુજરાતના અન્ય વિસ્તારોમાં પણ મિશ્રિત દારૂનું ઉત્પાદન અને વેચાણ કરવામાં આવતું હતું કે કેમ તે મુદ્દે પૂછપરછ કરી રહી છે.ઉપરાંત આરોપીઓ એકબીજાના સંપર્કમાં કેવી રીતે આવ્યા અને સમગ્ર કાવતરામાં કોની શું ભૂમિકા હતી તે અંગે પણ તપાસ ચાલી રહી છે. સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે તમામ આરોપીઓના ૩૧ ઓગસ્ટ સુધીના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા હતા.આ કેસમાં ભાવનગર ક્રિમિનલ બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ ધર્મેન્દ્ર ડાભીએ જણાવ્યું હતું કે ભાવનગરની ત્રણેય બાર એસોસિએશન દ્વારા ઠરાવ પસાર કરવામાં આવશે કે લઠ્ઠાકાંડના આરોપીઓના કેસ કોઈપણ વકીલ લડશે નહીં. તેમણે કહ્યું કે, "આવા ગંભીર ગુનાના આરોપીઓના પૈસા અમારે નથી જોઈતા." તેમ જણાવ્યું હતું.

### ભાવનગર લઠ્ઠાકાંડમાં ચોંકાવનારો ખુલાસો

# જેણે નકલી દારૂની ફોર્મ્યુલા આપી તે ડોક્ટરનું જ ઝેરી દારૂથી જ કરૂણ મોત

**દારૂ બનાવવા ઉજ્જૈનથી નરેન્દ્રસિંહ યાદવ ઉર્ફે ડોક્ટરને બોલાવાયો હતો જેણે ગૌતમ સોલંકીના ઘરે મિથેનોલયુક્ત દારૂ તૈયાર કર્યો હતો**

ભાવનગર, તા.૨૦

ભાવનગર શહેર અને જિલ્લામાં નકલી ઈંગ્લિશ દારૂના કારણે સર્જાયેલી મહાતારાજીએ સમગ્ર રાજ્યમાં અરેરાટી વ્યાપી દીધી છે. આ ઝેરી દારૂના સેવનથી અત્યાર સુધીમાં ૯ લોકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે, જ્યારે ૨૧થી વધુ લોકો ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. ઘટના બાદ પોલીસ તપાસમાં જે તથ્યો સામે આવ્યા છે તે અત્યંત ચોંકાવનારા છે. આ ઝેરી કેમિકલ યુક્ત દારૂ જેણે બનાવ્યો હતો અને જેણે એની ફોર્મ્યુલા આપી હતી, તે જ મુખ્ય સૂત્રધારનું પણ આ દારૂ પીવાથી મોત નીપજ્યું છે.

નકલી દારૂના આ કાળચક્રમાં અનેક નિર્દોષ લોકો ભોગ બન્યા છે. ૧૯ ઓગસ્ટની રાત્રે ગાંધી કોલોની સામે આવેલા ગિલ્બર્ટ એપાર્ટમેન્ટના બીજા માળેથી સોનગઢની સરકારી સ્કૂલના શિક્ષક હિતેશ પરમારની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી. તેઓ ઘરના રસોડામાં લોહીની ઊલટીઓ કરીને મૃત્યુ પામ્યા હતા, જ્યાંથી પોલીસે રોયલ સ્ટેગની અડધી ભરેલી બોટલ જપ્ત કરી છે. બીજી તરફ કાળિયાબીડ વિસ્તારના ૩૫ વર્ષીય જયેશ જીતેન્દ્રભાઈ ભટ્ટીનું પણ આ ઝેરી પીણાથી મોત થયું છે, જેઓ પોતાના પાછળ ૮ વર્ષનો દીકરો, ૪ વર્ષની દીકરી અને પત્નીને વિલાપ કરતા છોડી ગયા છે.

પોલીસ તપાસ અનુસાર, કાળો કારોબાર ચલાવતા બુટલેગર ગૌતમ સોલંકી અને ઉજ્જૈનના રઈસ નામના શખ્સે ભેગા મળી આ આખું નેટવર્ક ઊભું કર્યું હતું. તેમણે અમદાવાદના અલગ-અલગ વિસ્તારોમાંથી મિથેનોલ અને વ્હાઈટ લિક્વિડ મટિરિયલ, ખાલી બોટલો, ઢાંકણાં અને રોયલ સ્ટેગના ડુપ્લિકેટ સ્ટીકરો. આ તમામ સામગ્રી ટ્રાન્સપોર્ટ મારફતે વરતેજ મંગાવી હતી. દારૂ બનાવવાની ખાસ ફોર્મ્યુલા માટે ઉજ્જૈનથી નરેન્દ્રસિંહ યાદવ ઉર્ફે ડૉક્ટરને બોલાવવામાં આવ્યો હતો. નરેન્દ્રસિંહે સારસ, ગણેશ અને અમન સાથે મળીને ગૌતમ સોલંકીના ઘરે જ આ ઘાતક મિથેનોલયુક્ત દારૂ તૈયાર કર્યો હતો.

આરોપીઓએ કૂલ ત્રણ તબક્કામાં દારૂનું ઉત્પાદન કર્યું હતું. પ્રથમ બેચમાં ૫૧ પેટી દારૂ બનાવીને બજારમાં વેચી દેવાયો. બીજી બેચમાં દારૂ અત્યંત ખરાબ અને ઝેરી બનતા સ્થળ પર જ તેનો નાશ કરાયો. ત્રીજી બેચમાં ૨૫ પેટી દારૂ બનાવી ભાવનગર અને આસપાસના ગામડાઓમાં છૂટક વેચાણ અર્થે મોકલાયો. (જેમાંથી સંજય ચાવડા નામના શખ્સ પાસેથી ૩૬ પેટીઓ નીલમબાગ પોલીસે દરોડો પાડી કબજે કરી છે).જેણે આખા ષડયંત્રની ફોર્મ્યુલા ઘડી હતી તે નરેન્દ્રસિંહ યાદવ ઉર્ફે ડૉક્ટરે પોતે બનાવેલા આ મિથેનોલયુક્ત દારૂનું સેવન કર્યું હતું.

દારૂ પીધાના બીજા જ દિવસે તેની તબિયત લથડતાં તેને હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. અન્ય લોકોના જીવ જોખમમાં મૂકનાર માટે જ પોતાનું નિર્માણ કાળ સાબિત થયું હતું.સર ટી. હોસ્પિટલમાં દર્દીઓની સતત વધતી સંખ્યાને જોતાં આરોગ્ય તંત્ર એલર્ટ મોડ પર છે. ઈન્ચાર્જ મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. કૈરવી દેસાઈના જણાવ્યા મુજબ તબીબોની ૪ ટીમો ૨૪ કલાક (રાઉન્ડ ધ ક્લોક) દર્દીઓની સારવારમાં તહેનાત છે. ઝેરની અસર ઘટાડવા મુંબઈથી ખાસ ફોમેપિઝોલ (Fomepizole) ઈન્જેક્શનના ૧૦ ડોઝ તાત્કાલિક ધોરણે મંગાવવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. અમદાવાદની IKDRC હોસ્પિટલમાંથી કિડની અને લીવરના નિષ્ણાત ડૉક્ટરોની ટીમને પણ ભાવનગર બોલાવવામાં આવી છે.હાલમાં ભાવનગર પોલીસે મુખ્ય સૂત્રધાર ગૌતમ સોલંકી સહિત ૨૧ લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે, જ્યારે બોટાદ અને અમરેલીથી ૧૦૦ જેટલા વધારાના પોલીસ કર્મચારીઓને બંદોબસ્તમાં ખડકી દેવાયા છે.

### તમે જે વેઠી છે તે માત્ર હું અને પ્રિયંકા જ જાણીએ છીએ

# સોનિયા ગાંધીના પુસ્તકના લોન્ચિંગ પહેલા ભાવુક થયા રાહુલ ગાંધી

**ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મજયંતિએ રાહુલ ગાંધીએ માતા સોનિયા ગાંધીની આત્મકથા Belonging: A Journey of Loveનું કવર પેજ લોન્ચ કર્યું**

નવી દિલ્હી, તા.૨૦

ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની જન્મજયંતિના પ્રસંગે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તેમના માતા સોનીયા ગાંધીની આત્મકથાનું કવર પેજ લોન્ચ કર્યું છે. સોનીયા ગાંધી દ્વારા લખાયેલી આ આત્મકથાનું નામ Belonging: A Journey of Love છે. અલ્ફ્રેડ એ. નોફ (Alfred A. Knopf) પબ્લિશર દ્વારા આ પુસ્તક ૧૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પ્રકાશિત કરવામાં આવશે. આ પુસ્તકમાં સોનીયા ગાંધીનું અંગત જીવન, પ્રેમ, પરિવાર અને ભારતના રાજકારણમાં તેમની સફરના અનુભવો આલેખવામાં આવ્યા છે. સોનીયા ગાંધીની આત્મકથાનું કવર પેજ શેર કરતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર અત્યંત ભાવુક સંદેશ લખ્યો હતો. તેમણે લખ્યું કે, મમ્મી, મેં તમને અને પપ્પાને છેલ્લે ૩૫ વર્ષ કરતા પણ વધુ સમય પહેલા એકસાથે જોયા હતા. જે દિવસે પપ્પા ગયા, ત્યારથી મેં તમને જિંદગીએ જે પણ પરિસ્થિતિઓ આપી તેનો હિંમત અને ગરિમા સાથે સામનો કરતા જોયા છે. પપ્પાના ગયા પછી તમારી જિંદગી કેટલી મુશ્કેલ હતી અને તમે કયા સંજોગોમાંથી પસાર થયા છો તે ફક્ત હું અને પ્રિયંકા જ જાણીએ છીએ. આજે પપ્પાના જન્મદિવસે હું તેમને સ્મિત કરતા અને પોતાની સુંદર સોનીયાને ગર્વથી જોતા અનુભવી શકું છું. આ પુસ્તકના પ્રકાશન અંગે પબ્લિશર દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં સોનીયા ગાંધીએ પણ પોતાના મનની વાત રજૂ કરી છે. તેમણે જણાવ્યું કે, અંગત દુઃખ, દિલ તૂટવા અને આઘાતજનક પરિસ્થિતિઓના કારણે જ હું જાહેર રાજકારણની દુનિયામાં આવી. તે પહેલાં મેં મારી પ્રાઈવસી અને અંગત જીવનને ખૂબ જ સાચવીને રાખ્યું હતું. મારી જિંદગી વિષે લખવું એ મારા માટે સરળ નહોતું, કારણ કે તેના માટે મારે મારા મનમાં ઊંડે છુપાયેલા અનુભવો અને ક્ષણોને દુનિયા સામે ખુલ્લા મુકવાના હતા.

# સુરતની સરકારી શાળામાં દારૂની મહેફિલ, બાળકોની બેન્ચ પર પીરસાયો દારૂ

સુરત, તા.૨૦

સુરતના ભેસ્તાન વિસ્તારમાં આવેલી સિદ્ધાર્થનગર સરકારી શાળામાંથી એક ચોંકાવનારો વીડિયો વાયરલ થયો છે, જેમાં શાળાના પરિસરમાં દારૂની મહેફિલ માણી રહેલા પથી ૬ લોકો નજરે પડે છે. આ વાયરલ વીડિયોમાં લોકો પ્લાસ્ટિકના ગ્લાસમાં દારૂ ભરીને બિંદાસપણે પીતા જોવા મળી રહ્યા છે. શિક્ષણના ધામ સમાન સરકારી શાળામાં દારૂબંધીના ધજાગરા ઉડાવતો આ વીડિયો સામે આવતા જ સ્થાનિક તંત્રમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને ભેસ્તાન પોલીસ તાત્કાલિક હરકતમાં આવી છે અને આ વીડિયો હાલનો છે કે જૂનો તે અંગેની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરીને જવાબદારોને શોધી કાઢવાની તજવીજ શરૂ કરી છે.સુરતમાં સરકારી શાળામાં દારૂની મહેફિલનો વીડિયો વાયરલ થયો છે. ભેસ્તાનની સિદ્ધાર્થનગર શાળાનો દારૂની મહેફિલનો વીડિયો વાયરલ થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. વાયરલ થયેલા આ વીડિયોમાં શાળાની અંદર ૫ થી ૬ જેટલા શખ્સો પ્લાસ્ટિકના ગ્લાસમાં દારૂ ભરીને ખુલ્લેઆમ મહેફિલ માણતા નજરે પડે છે. બાળકોના ભવિષ્ય ઘડવાના પવિત્ર સ્થળ એવા શૈક્ષણિક સંકુલમાં જ આ પ્રકારે નશાખોરી થતી હોવાના દ્રશ્યો સામે આવતા સુરત મહાનગરપાલિકાની પ્રાથમિક શિક્ષણ સમિતિ તાત્કાલિક હરકતમાં આવી ગઈ છે.ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને શિક્ષણ સમિતિ દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. શાળા પરિસરની સુરક્ષા અને તેની ગરિમા જાળવવામાં બેદરકારી દાખવવા બદલ ફરજ પરના વોચમેનને તાત્કાલિક અસરથી હટાવી દેવામાં આવ્યો છે. જે બેન્ચ પર બેસીને માસૂમ બાળકો શિક્ષણ મેળવે છે અને પોતાનું ભવિષ્ય ઘડે છે, તે જ ટેબલ-બેન્ચ પર પ્લાસ્ટિકના ગ્લાસ રાખીને ખુલ્લેઆમ દારૂની મહેફિલ જમાવવામાં આવી હતી. ત્યાં હાજર કોઈ વ્યક્તિએ આ સમગ્ર શરમજનક કરતૂતને પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધી હતી.શિક્ષણ સમિતિના ચેરમેન રાજેન્દ્ર કાપડિયાએ આ મામલે વિગતો આપતા જણાવ્યું છે કે, પ્રાથમિક તપાસમાં આ વીડિયો આશરે ૧૫ દિવસ જૂનો હોવાનું અને શાળાના બાળકો સાથે કોઈ બાબતે થયેલી તકરાર બાદ આ વીડિયો બનાવવામાં આવ્યો હોવાનો ખુલાસો થયો છે. બીજી તરફ, ભેસ્તાન પોલીસ પણ વીડિયો વાયરલ થયા બાદ સક્રિય થઈ ગઈ છે અને વીડિયોની સત્યતા તેમજ તે ખરેખર ક્યારનો છે તેની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

### ભાવનગર લઠ્ઠાકાંડ

# ભાવનગરમાં રોયલ સ્ટેગ દારૂ ન પીવા પોલીસની અપીલ

**દારૂ પીધા પછી ૨૨ જેટલા લોકોની તબિયત લથડી હતી, જેમાંથી ૪ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે**

ભાવનગર,તા.૨૦

ભાવનગરમાં નકલી (ડુપ્લિકેટ) દારૂ પીવાને કારણે સર્જાયેલા લઠ્ઠાકાંડે ભારે હાહાકાર મચાવ્યો છે. દારૂ પીધા પછી ૨૨ જેટલા લોકોની તબિયત લથડી હતી, જેમાંથી ૪ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે ૧૮ લોકો હજુ પણ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. આ ઘટનામાં આજે સવારે વધુ એક શંકાસ્પદ મોત નોંધાયું છે. ઘોઘા રોડ પર રહેતા અને ભાવનગરમાં પીએમ ઈ-બસ સેવામાં નોકરી કરતા કનકસિંહ ગોહિલ નામના વ્યક્તિનું મોત થતાં પરિવારમાં ભારે રોષ અને શોકનું મોજું ફરી વળ્યું છે.મૃતકના પરિજનોએ પોતાનો આક્રોશ ઠાલવતા સ્પષ્ટ કહ્યું છે કે, "રાજ્યમાં દારૂબંધી માત્ર કાગળ પર જ છે. આ દારૂબંધીના નામે માત્ર ભ્રષ્ટ લોકોના ખિસ્સા ભરાય છે અને ભ્રષ્ટાચાર વધ્યો છે, જેના કારણે કેટલાય નિર્દોષ પરિવારો પોતાના સ્વજનો ગુમાવી રહ્યા છે." જોકે, આ ગંભીર મામલે પોલીસે તાત્કાલિક એક્શન લેતાં ૪ બુટલેગરોની ધરપકડ કરી લીધી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં એક મોટી આશંકા સેવાઈ રહી છે કે આ જીવલેણ વિદેશી દારૂનો જથ્થો અમદાવાદ ગ્રામ્યના રૂટ પરથી ભાવનગર પહોંચ્યો છે અથવા તો અમદાવાદ ગ્રામ્યના કોઈ ગામમાં આ નકલી દારૂ પહોંચ્યો હોઈ શકે છે. આ શંકાને પગલે અમદાવાદ જિલ્લા પોલીસ પૂરેપૂરી એલર્ટ થઈ ગઈ છે.

પોલીસે ખાસ કરીને એક એડવાઈઝરી જાહેર કરી છે કે, કોઈએ પણ "રોયલ સ્ટેગ" નામની બ્રાન્ડના વિદેશી દારૂનું બિલકુલ સેવન ન કરવું. આ દારૂ નકલી અને જીવલેણ સાબિત થઈ શકે છે.

ભાવનગરની ઘટનાના પડઘા પડતાં જ અમદાવાદ ગ્રામ્ય પોલીસ મોડી રાતથી જ એક્શન મોડમાં આવી ગઈ હતી. ૮૦૦ જેટલા પોલીસ જવાનોએ આખી રાત જાગીને અલગ-અલગ વિસ્તારોમાં સઘન ચેકિંગ અને કોમ્બિંગ કર્યું હતું. આખી રાતથી લઈને સવારના ૮ વાગ્યા સુધી ચાલેલા આ મેગા ઓપરેશનમાં દારૂના ૩૦૦ થી વધુ કેસ દાખલ કરવામાં આવ્યા છે, જેમાં મોડી રાતથી અત્યાર સુધીમાં જ ૧૭૭ જેટલા નવા કેસ નોંધાયા છે. જિલ્લામાં આજ સુધી પ્રોહિબિશનના જેટલા પણ કેસ થયા છે, તે તમામ જૂના આરોપીઓની પણ પોલીસે તપાસ કરી છે અને તેઓને કડક ચેતવણી આપી દેવામાં આવી છે.

આ મામલાની ગંભીરતા જોતાં પોલીસે અમદાવાદ ગ્રામ્યના તમામ સરપંચો સાથે તાકીદની મીટિંગો શરૂ કરી દીધી છે. પોલીસ દ્વારા સરપંચો અને ગ્રામજનોને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે:

હવે પોલીસની અલગ-અલગ ટીમો અમદાવાદ જિલ્લાના ૫૦૦ જેટલા ગામડાઓમાં રૂબરૂ પહોંચીને ઝીણવટભર્યું ચેકિંગ કરશે, જેથી વધુ કોઈ જાનહાનિ અટકાવી શકાય.

### રક્ષાબંધન અને જન્માષ્ટમી માટે ST નિગમનો નિર્ણય

# એસટી નિગમે ૯૫૦૦ વધારાની બસો દોડાવવાનો નિર્ણય કર્યો

**૨ સપ્ટેમ્બરથી ૬ સપ્ટેમ્બર દરમિયાન વધારાની ૩૦૦૦ ટ્રીપ દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે**

અમદાવાદ,તા.૨૦

આગામી તહેવારોની સીઝનને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા મુસાફરોના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રક્ષાબંધન અને જન્માષ્ટમી જેવા મોટા તહેવારોમાં વતન જતા અને પ્રવાસે નીકળતા નાગરિકોને ટ્રાફિક કે બસની અછતનો સામનો ન કરવો પડે તે માટે નિગમે કુલ ૯૫૦૦ વધારાની બસો (ટ્રીપ) દોડાવવાનું આયોજન કર્યું છે.

ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ સમાન રક્ષાબંધનના તહેવાર દરમિયાન મુસાફરોનો ધસારો સૌથી વધુ રહેતો હોય છે. આ બાબતને ધ્યાને રાખીને ST નિગમ દ્વારા ૨૬ ઓગસ્ટથી ૩૦ ઓગસ્ટ દરમિયાન વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ૫ દિવસના સમયગાળા દરમિયાન રાજ્યના વિવિધ રૂટ પર કુલ ૬૫૦૦ વધારાની ટ્રીપ ચલાવવામાં આવશે, જેથી મુસાફરો સરળતાથી પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચી શકે.

રક્ષાબંધન બાદ આવતા કૃષ્ણ જન્માષ્ટમીના લોકમેળા અને તહેવારો માટે પણ નિગમે આગોતરું આયોજન કરી લીધું છે. જન્માષ્ટમીની રજાઓ દરમિયાન મુસાફરોની ભીડને પહોંચી વળવા માટે ૨ સપ્ટેમ્બરથી ૬ સપ્ટેમ્બર દરમિયાન વધારાની ૩૦૦૦ ટ્રીપ દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી ખાસ કરીને સૌરાષ્ટ્ર અને ધાર્મિક સ્થળો તરફ જતાં યાત્રાળુઓને મોટી રાહત મળશે.

### ભાવનગરમાં નકલી વિદેશી દારૂ કે લઠ્ઠાકાંડ

# FSL રિપોર્ટ આવ્યા પહેલાં જ લઠ્ઠાકાંડ જાહેર કરવા સામે ઊઠ્યા સવાલો!

**લઠ્ઠાકાંડ જાહેર કરવાથી પોલીસની ભૂમિકા સામે સવાલો ઉભા થયા છે જેનાથી આરોપીઓને કાયદાકીય છટકબારી મળી શકે છે**

ભાવનગર,તા.૨૦

દારૂબંધી ધરાવતા ગુજરાતમાં વધુ એક વખત ઝેરી દારૂએ તાંડવ મચાવ્યો છે. ભાવનગર શહેર અને ગ્રામ્ય પંથકમાં ખુલ્લેઆમ વેચાયેલા કેમિકલયુક્ત નકલી દારૂના સેવનથી ૬થી વધુ લોકોના મોત નીપજ્યાં છે, જ્યારે ૨૧ જેટલા લોકો ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ બનાવથી સમગ્ર રાજ્યમાં ભારે ચકચાર મચી ગઈ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ગૃહ વિભાગે તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ને સોંપી છે. પરંતુ આ સમગ્ર કેસના લઠ્ઠાકાંડમાં ખપાવવાના પ્રયાસ સામે અનેક સવાલ ઊઠી રહ્યા છે.

ભાવનગરમાં FSL (ફોરેન્સિક) રિપોર્ટ આવ્યા પહેલા જ સમગ્ર કેસને 'લઠ્ઠાકાંડ' દર્શાવવા પાછળ પોલીસની ભૂમિકા સામે અનેક આશંકાઓ સેવાઈ રહી છે. કાયદાકીય નિષ્ણાતોના મતે, જો શહેરમાં બ્રાન્ડેડ બોટલોમાં ડુપ્લિકેટ અને ઝેરી વિદેશી દારૂ વેચાતો હોય, તો તે પ્રોહિબિશન ખાતા અને સ્થાનિક પોલીસની મસમોટી નિષ્ફળતા છતી કરે છે.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન SMCના SP દ્વારા સમગ્ર ઘટનાને વારંવાર 'લઠ્ઠાકાંડ' તરીકે જ વર્ણવવામાં આવી હતી. અધિકારીના આ વલણ બાદ હવે લોકો પણ આ ઘટનાને નકલી વિદેશી દારૂના બદલે 'લઠ્ઠાકાંડ' હોવાનું માની રહ્યા હોય તેવું જોવા મળી રહ્યું છે. પરંતુ કાયદાકીય દ્રષ્ટિએ આટલી ઉતાવળે આ શબ્દપ્રયોગ કરવા પાછળ પોલીસ તંત્રની કોઈ મોટી ચાલ તો નથી ને? તેવા ગંભીર સવાલો ઊભા થયા છે.

જો પોલીસ સ્વીકારે કે શહેરમાં બ્રાન્ડેડ બોટલોમાં નકલી વિદેશી દારૂ ભરીને વેચવાનું મોટું રેકેટ ચાલી રહ્યું હતું, તો તેનો સીધો અર્થ એ થાય કે સ્થાનિક પોલીસ, એજન્સીઓ અને પ્રોહિબિશન ખાતાની છત્રછાયા હેઠળ આ ગોરખધંધો ધમધમતો હતો. આ સીધી નિષ્ફળતામાંથી બચવા માટે જ સમગ્ર ઘટનાને 'દેશી કેમિકલ યુક્ત લઠ્ઠાકાંડ'નું રૂપ આપીને સિસ્ટમ પોતાની ચામડી બચાવવાનો પ્રયાસ કરી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.કોર્ટમાં કેસ પોલીસના નિવેદનો પર નહીં, પણ FSL (ફોરેન્સિક) રિપોર્ટ પર ચાલે છે. જો પોલીસ ચાર્જશીટમાં આને 'લઠ્ઠાકાંડ' દર્શાવે અને કાલ સવારે FSL રિપોર્ટમાં વિદેશી દારૂમાં કેમિકલ ભેળસેળ સાબિત થાય (મિથેનોલ ન મળે), તો આરોપીઓ ટેકનિકલ ગ્રાઉન્ડ પર કોર્ટમાંથી છૂટી જશે. ઉચ્ચ અધિકારીઓ દ્વારા 'લઠ્ઠાકાંડ' શબ્દ ઘૂસાડીને લોકોનું ધ્યાન ભટકાવવું એ તપાસ પર પણ મોટા સવાલ ઊભા કરે છે. ઉચ્ચ અધિકારીઓ દ્વારા 'લઠ્ઠાકાંડ' શબ્દ પર ભાર મૂકીને તપાસનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે કે કેમ, તે હવે મોટો સવાલ બની ગયો છે.

સામાન્ય રીતે દેશી દારૂ ગોળ, મહુડા, આથો અને પાણીના મિશ્રણને ઉકાળીને બનાવવામાં આવે છે, જેમાં ઈથેનોલ (Ethanol) હોય છે. પરંતુ આ દારૂને વધુ ઝડપથી આથો લાવવા, કડક બનાવવા અને ઓછી મજૂરીએ વધુ કીક આપવા માટે બુટલેગરો તેમાં નવસાર, યુરિયા, બેટરીનું એસિડ કે અત્યંત ઝેરી કેમિકલ 'મિથેનોલ ઉમેરે છે. મિથેનોલયુક્ત આ ઝેરી મિશ્રણને પત્રકારત્વ અને કાયદાની ભાષામાં 'લઠ્ઠો' કહેવાય છે, જે પીવાથી માણસ આંખોની રોશની ગુમાવે છે અથવા લીવર-કિડની ફેલ થવાથી મોતને ભેટે છે.

નકલી વિદેશી દારૂ એટલે Duplicate IMFL બનાવવા માટે કોઈ આથો લાવવાની કે દેશી પદ્ધતિ વપરાતી નથી. અહીં બ્રાન્ડેડ કાચની બોટલો, ડુપ્લિકેટ સીલ, કેપ અને લેબલનો ઉપયોગ થાય છે. તેની અંદર ઉદ્યોગોમાં વપરાતું સ્પિરિટ, કલર, એસેન્સ અને પાણીનું મિશ્રણ કરીને તેને હૂબેહૂબ અસલી ઈંગ્લિશ દારૂ જેવો બનાવવામાં આવે છે. જો આ સ્પિરિટની અંદર કેમિકલનું પ્રમાણ વધી જાય કે ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડનું ઝેરી કેમિકલ ભળી જાય, તો તે 'ઝેરી નકલી દારૂ' બને છે, લઠ્ઠો નહીં.ભાવનગરમાં દેશી દારૂની ભઠ્ઠીઓમાંથી નીકળેલો લઠ્ઠો નહીં, પરંતુ બ્રાન્ડેડ બોટલોમાં પેક થયેલો નકલી વિદેશી દારૂ વેચાયો હોવાના અહેવાલ છે.

આથી ટેકનિકલ, વૈજ્ઞાનિક અને કાનૂની વ્યાખ્યા મુજબ આ ઘટના 'નકલી વિદેશી દારૂકાંડ' છે. કેસને લઠ્ઠાકાંડ ખપાવી દેવો એ કાયદાકીય દ્રષ્ટિએ મોટો તફાવત ઊભો કરે છે.

# જીરા ગામની રક્ષા શકિત સ્કુલ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



સંસ્કાર ધામ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રક્ષા શકિત સ્કુલ-જીરા ખાતે ૧૫મી ઓગસ્ટની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. દીપ પ્રાગટય બાદ ભારત ભુષણ મહેશભાઈ ધ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. અને રાષ્ટ્રગાન સાથે સૌએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. ''ભારત માતા કી જય, વંદે માતરમ'' જેવા દેશભકિતનાં નારા સમગ્ર પરિસરમાં ગુંજી ઉઠયા હતા. બાળકો ધ્વારા વિવિધ દેશભકિત ગીતો, સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભકિત સભર નૃત્યો તથા સુંદર પ્રવચનો રજુ કર્યા હતા. સાથે સાથે બાળકો ધ્વારા શિસ્તબદ્ધ પરેડ પણ રજુ કરવામાં આવી હતી. ત્યારબાદ બાળકો ધ્વારા ભવ્ય તિરંગા યાત્રા યોજવામાં આવી હતી. હાથમાં તિરંગો લઈને દેશભકિતનાં નારા સાથે બાળકોએ સમગ્ર પરિસરમાં રાષ્ટ્રપ્રેમનો સંદેશ ફેલાવ્યો હતો. બાળકોનાં ઉત્સાહ અને ઉમંગથી સમગ્ર વાતાવરણ દેશભકિતમય બની ગયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્ય તથા સમગ્ર સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી. અને અંતે બાળકો તથા ઉપસ્થિત સૌએ પતાસાની પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## બાબરા : બિલ્વપત્રની નિઃસ્વાર્થ સેવા થકી મહાદેવની ભક્તિમાં જીવન અર્પણ કરતા 'કાકુભાઈ'



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૦

પવિત્ર શ્રાવણ માસમાં મહાદેવની ભક્તિનો અનોખો માહોલ જોવા મળે છે ત્યારે બાબરાના પંચકુંડ ખાતે વર્ષોથી એક સેવાભાવી વ્યક્તિ દ્વારા કરવામાં આવતી નિઃસ્વાર્થ સેવા ભાવિકો માટે શ્રદ્ધા અને પ્રેરણાનું કેન્દ્ર બની છે. પંચકુંડ ખાતે છગનભાઈ તલસાણીયા, જેઓ બાબરામાં પ્રેમથી 'કાદુભાઈ' તરીકે ઓળખાય છે, તેઓ સવારથી સાંજ સુધી મહાદેવની સેવામાં પોતાનો સમય વિતાવી રહ્યા છે.

છગનભાઈ તલસાણીયા અગાઉ બાબરા બસ સ્ટેન્ડ નજીક ચાની હોટેલ ચલાવતા હતા. સમય જતાં પરિવારના સંતાનો પોતાના ધંધા-રોજગારમાં સ્થિર થતાં તેમણે હોટેલનો વ્યવસાય બંધ કરી નિવૃત્ત જીવન પસાર કરવાનો નિર્ણય લીધો. જોકે, નિવૃત્તિનો સમય આરામમાં નહીં પરંતુ ભગવાન મહાદેવની સેવામાં પસાર કરવાનો સંકલ્પ કરી તેઓ વર્ષોથી પંચકુંડ ખાતે સેવા આપી રહ્યા છે.

ખાસ કરીને પવિત્ર શ્રાવણ માસ દરમિયાન તેઓ વહેલી સવારથી બિલ્વપત્ર તોડી લાવી મહાદેવના દર્શનાર્થે આવતા ભાવિકોને વિના મૂલ્યે બિલ્વપત્રનું વિતરણ કરી રહ્યા છે. સાથે સાથે મંદિર પરિસરની સાફ-સફાઈ સહિતની વિવિધ સેવાઓ પણ નિઃસ્વાર્થ ભાવે કરી રહ્યા છે. ભાવિકો માટે બિલ્વપત્રની વ્યવસ્થા કરી આપવાની તેમની આ સેવા શ્રાવણ માસમાં વિશેષ આકર્ષણ બનીછે.


મંદિરના મહંત ભાવેશગીરી બાપુના માર્ગદર્શન અને આદેશ અનુસાર છગનભાઈ મંદિરની સેવા-સુશ્રુષામાં સતત જોડાયેલા રહે છે. કોઈ સ્વાર્થ કે અપેક્ષા વિના મહાદેવની ભક્તિ સાથે સેવા કરવી એ જ જીવનનું ધ્યેય બનાવી ચૂકેલા છગનભાઈ માટે પંચકુંડ હવે નિવૃત્તિનું સ્થળ નહીં પરંતુ સેવા, ભક્તિ અને આત્મસંતોષનું પવિત્ર સ્થાન બની ગયું છે.

શ્રાવણ માસમાં પંચકુંડ ખાતે દર્શનાર્થે આવતા અનેક ભાવિકો માટે છગનભાઈની આ નિઃશુલ્ક બિલ્વપત્ર સેવા ભક્તિ સાથે માનવસેવાનો પણ સુંદર સંદેશ આપી રહી છે. 'સેવા એ જ સાચી ભક્તિ'ના ભાવને સાર્થક કરતા છગનભાઈ તલસાણીયા મહાદેવની ભક્તિમાં પોતાનું જીવન અર્પણ કરી અનોખી સેવા પરંપરા જાળવી રહ્યા છે.

## શિવજીને પ્રિય અને તેનું મહત્વ સ્વાસ્થ્ય માટે લાભકારી એવું બિલ્વપત્ર

અમરેલી, તા. ૨૦

બિલિપત્ર શિવજીને ખૂબ જ પ્રિય હોવાનું મનાય છે. બિલિ પત્રના ત્રણ પાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણ દેવનું પ્રતીક હોવાનું કહેવામાં આવે છે. તે ભગવાન શિવની ત્રીજી આંખનું પ્રતીક છે. તેને હિન્દુ ધર્મમાં ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે અને શિવપૂજનમાં પણ બિલિપત્રનો અવશ્ય સમાવેશ કરવામાં આવે છે. એ માત્ર ધાર્મિક દ્રષ્ટિએ જ નહિ, પણ આરોગ્યની દ્રષ્ટિએ પણ બિલિપત્ર ખૂબ જ ફાયદાકારક છે. આયુર્વેદ મુજબ બિલિપત્રમાં અનેક ઔષધીય ગુણો રહેલા છે. તેના ત્રણ પત્રમાં સત્વ, રજસ અને તમસ એમ ત્રણે ગુણો રહેલા હોય છે. સત્વ એ પોઝિટિવ એનર્જી છે જયારે રજસ અને તમસ નેગેટિવ એનર્જી છે. એવુ માનવામાં આવે છે કે બિલિપત્રનો મદયભાગ સત્વ અર્થાત પોઝિટિવ એનર્જીને આકર્ષે છે. જો કોઈ નેગેટિવ એનર્જીની અસર વાળી વ્યક્તિ પણ બિલિપત્રને સ્પર્શે તો તેનામાં પોઝિટિવ એનર્જી આવી જાય છે.બિલિ વૃક્ષના મૂળ, પાન, ફળ અને વૃક્ષના બધા જ ભાગ વિવિધ રોગોનાં ઉપચારમાં ઉપયોગી છે. આ પવિત્ર વૃક્ષ પેઢામાંથી લોહી નીકળતુ હોય, ડાયેરિયા, અસ્થમા, કમળો, લોહીની ઉણપ જેવા અનેક રોગોમાં ખૂબ જ મદદરૂપ છે. ડાયેરિયાની સમસ્યા હોય તો બિલિનાફળને સૂકવીને તેનુ સેવન કરવુ જોઈએ. પાઈલ્સ થયા હોય કે પછી કોઢ ની સમસ્યામાં પણ બિલિફળના પાવડરનું સેવન કરવુ જોઈએ. આંખ અને કાનના રોગોમાં પણ બિલિફળ ઘણું અસરકારક છે. જૂના જમાનામાં ફ્રેકચર થયુ હોય તો વૈદ્યો બિલિના પાવડરમાં હળદર અને ઘી મિકસ કરીને તૂટી ગયેલા હાડકા પર લેપ કરતા હતા. કબજિયાતની સમસ્યા નીવારવા માટે બિલિનું ફળ એ ખૂબ જ અસરકારક ઈલાજ છે. બિલિના ફળના માવામાં થોડી કાળી મરી અને મીઠુ ઉમેરવાથી આંતરડામાંથી ઝેરી તત્વો શરીરની બહાર ફેંકાઈ જાય છે. કબજિયાતની સમસ્યા માટે બિલિફળનું શરબત પણ લઈ શકાય છે. બિલિ ફળમાં એવા તત્વો હોય છે જે લોહીમાં શુગરનું પ્રમાણ કંટ્રોલમાં રાખે છે. તે પેનક્રિઆસને



સક્રિય બનાવે છે અને શરીરમાં ઈન્સ્યુલિન જનરેટ કરે છે જેને કારણે ડાયાબિટિસના દર્દીની શુગર કંટ્રોલમાં રહે છે. વૈદ્યની સલાહ પછી જ બિલિનો જે-તે પ્રયોગ કરવો જોઈએ.બિલિમાં એવા તત્વો છે જેમાં એન્ટિ-ઓકિસડન્ટસ રહેલા છે અને તે પેટમાં પડેલા ચાંદામાં ઘણી રાહત આપે છે.

તે શરીરમાં એસિડનું પ્રમાણ ઘટાડવામાં મદદરૂપ બને છે. આ ઉપરાંત શરીરમાં વાયરલ ઈન્ફેકશન ફેલાયુ હોય તો પણ બિલિફળ ઘણી રાહત આપે છે. વિટામિન સી ની ઉણપને કારણે ઘણા લોકોને દાંત અનેપેઢામાંથી લોહી નીકળ વાની સમસ્યા થતી હોય છે. બિલિફળમાં વિટામિન સી સારી માત્રામાં હોય છે. જેને કારણે તે ખાવાથી સ્કર્વી કે પેઢા-દાંતમાંથી લોહી નીકળવાની સમસ્યામાંથી છૂટકારો મળે છે. લાઈફસ્ટાઈલને કારણે ઊંચો કોલેસ્ટ્રોલ એ એક સામાન્ય સમસ્યા થઈ ગઈ છે. બિલિફળમાં રહેલા તત્વો શરીરમાં રહેલા કોલેસ્ટ્રોલને કાબુમાં રાખે છે. જો પાકેલા બિલિફળમાં ઘી મિકસ કરીને તેને ભોજન સાથે લેવામાં આવે તો હૃદયરોગનું જોખમ ઘટે છે. હૃદયરોગથી બચવા માટે વૈદ્યો વર્ષોથી આ ઉપચાર કરતા આવ્યા છે. આ ઉપરાંત તે સનતંત્રના રોગ, શરદી વગેરેમાં પણ ખૂબ જ ફાયદાકારક પુરવાર થાય છે. તેના ફળનો માવો નહાતા પહેલા માથામાં લગાવવામાં આવે તો શરદીથી છૂટકારો મળે છે. શરીરમાં કોઈ પણ ભાગે સોજો આવ્યો હોય તો તેના પર બિલિ ફળ નો ગર લગાવવાથી સોજા તરત જ ઉતરી જાય છે. બિલિનું વૃક્ષ એ અત્યંત મહત્વનું વૃક્ષ છે.

**મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને

## અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ બેઠક યોજાઈ

**સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીની સફળતા બદલ વહીવટતંત્રના અધિકારીઓને બિરાદાવાયા**

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અને સાવરકુંડલા, લીલીયા મતવિસ્તારના ધારસભ્ય મહેશભાઈ કસવાલાની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લ ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.



બેઠકમાં જન પ્રતિનિધિઓના અગાઉના પેન્ડિંગ પ્રશ્નો, વિવિધ વિભાગને લગત પ્રશ્નોની હાલ સુધીની પ્રગતિલક્ષી કામગીરી અંગે જિલ્લા કલેક્ટરે સમીક્ષા હાથ ધરીને સંબંધિત અધિકારીને જરૂરી સૂચનાઓ આપી હતી. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે નાગરિકોના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવે તે માટે સંબંધિત કચેરીઓના વડાઓને સંકલન કરવા અને ઘટતું કરવા સૂચના આપી હતી. તાજેતરમાં જ સંપન્ન થયેલી સ્વાતંત્ર્ય દિવસની રાજયકક્ષાની સફળ ઉજવણી બદલ અમરેલી જિલ્લા કલેકટરે જિલ્લા વહીવટીતંત્રને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ટીમ અમરેલીએ સુચારૂ રીતે સફળ ઉજવણી કરી જે બદલ ઉચ્ચ કક્ષાએથી પણ સેને અભિનંદન આપવામાં આવ્યા છે. જિલ્લા કલેકટરે જિલ્લામાં રાસાયણિક ખાતર, અન્ય જરૂરી પુરવઠાનો નિયમિત પ્રવાહ સહિતના મુદ્દે સમીક્ષા કરી અને જરૂરી પુરવઠો જળવાઈ રહે તે માટે દિશાનિર્દેશ આપ્યા હતા. આ બેઠકમાં જિલ્લાના જનપ્રતિનિધિઓના પ્રશ્નોનું આંતરિક સંકલનથી હકારાત્મક નિરાકરણ લાવવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. આઉપરાંત જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારીએ માસિક વિતરણ અંગેની માહિતી આપી હતી. જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એચ.જે. પ્રજાપતિ, નાયબ વનસંરક્ષક ગીરપૂર્વ, વિકાસ યાદવ, પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત, પ્રાંત અધિકારીઓ, વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક કે.જે.જાડેજાએ કર્યુ હતું.

### જિલ્લામાં પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલિકો

## અમરેલી પોલીસને જાણ કર્યા વગર ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને નોકરી ઉપર રાખી શકશે નહી

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું કાયદો અને સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને રાખીને જાહેરનામું પ્રસિધ્ધ**

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાં કાયદો અને સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને રાખીને પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલિક કે મેનેજરો પોલીસને જાણ કર્યા વગર ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને નોકરી ઉપર રાખી શકાશે નહીં. આ માટે અમરેલી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટએ વિગતવાર જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

જાહેરનામા મુજબ, હવે પછીથી કોઈ પણ પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓએ પોતાને ત્યાં ભરતી કરેલ સિક્યુરિટી ગાર્ડ, સિક્યુરિટી ગનમેન અને સુપરવાઈઝરના બાયોડેટા તૈયાર કરી તેમજ તેઓનું વેરીફીકેશન ફોર્મ વિગતવારનું ભરી તેની સાથે તેના વતનના પુરાવા તરીકે આધાર કાર્ડની ઝેરોક્ષ કોપી સામેલ રાખી તે પછી જ જે તે ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરનું વેરીફીકેશન કરાવ્યા પછી જ તેઓને કોઈપણ કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ, રીસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ-મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વગેરે ઉપર સપ્લાય કરી શકશે અને જે તે કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ-મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વગેરેએ પણ ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને પોતાને ત્યાં નોકરી ઉપર રાખતા પહેલા તેઓનું વેરીફીકેશન થયેલું હોય તેને જ નોકરી ઉપર રાખવાના રહેશે.

વધુમાં કોઈપણ સંસ્થા તરફથી વેરીફીકેશન થયા વિના ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને પોતાને ત્યાં નોકરી ઉપર રાખવામાં આવશે તો તેઓની સામે અને સપ્લાય કરનાર પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલીક સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. જેથી પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલીકોએ તથા જે તે સંસ્થાના માલિક/મેનેજરોએ સુરક્ષાની દ્રષ્ટિએ આ બાબતે પોલીસને જાણ કર્યા વગર ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને નોકરી ઉપર રાખી શકશે નહી.

ઉપરાંત સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વગેરેના માલિકો-મેનેજરોએ તથા પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલિકોએ પોતાને ત્યાં ફરજ પર રાખેલા ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરની વિગતવારની માહિતી તેમજ ચારિત્ર્ય પ્રમાણપત્ર જયારે પણ કોઈ પણ પોલીસ અધિકારી ચેક કરવા આવે ત્યારે તેઓને તે બતાવવાનું રહેશે અને આ અંગે પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સી લાયસન્સ અધિનિયમ મુજબ રાખવાના રજિસ્ટરો નિભાવવાના રહેશે.

પ્રાઈવેટ સિકયુરિટી એજન્સીઓ સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વગેરે સ્થળોએ સિકયુરિટી-સલામતી સાચવવાના હેતુસર ઓન પેમેન્ટ સિકયુરીટી જવાનો ફાળવવામાં આવે છે અને આ જવાનો સિકયુરીટી- સલામતીની ફરજો અદા કરતી વેળા તેનો ગેરલાભ લઈ લુંટ, ધાડ, ચોરી અને બીજા ગંભીર શરીર સબંધિત ગુનાઓ, કોગ્નીઝેબલ ગુનાઓ તેમજ રાષ્ટ્ર- વિધ્ધના ગુનાઓ પણ આચરી ભાગી જતા હોય છે. જેથી આ પ્રવૃતિ ગુનાહિત કૃત્યો અટકાવવા અતિ આવશ્યક હોય, પ્રાઈવેટ સિકયુરિટી એજન્સીએ જે સ્થળ ોએ સિકયુરિટી જવાનની ફાળવણી કરે છે. તે તમામ જવાનોની સંપુર્ણ બાયોડેટા ફોટા સહિતની જે તે પોલીસ સ્ટેશન અને અમરેલી જિલ્લા સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (એસ.ઓ.જી) રાજ મહેલ કેમ્પસ, 'એ' -૧૦૪, બહુમાળી ભવન, જી.અમરેલી કચેરીએ નિયત નમૂનાના ફોર્મમાં જાણ કરવી. આ જાહેરનામું તા.૨૭.૦૯.૨૦૨૬ સુધી અમલી રહેશે.

### હોટેલમાં રોકાણ કરનાર ગ્રાહક, મુસાફરોની વિગતો

## 'પથિક' સોફટવેરમાં ઓનલાઈન નોંધણી કરવી ફરજિયાત

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ**

અમરેલી, તા. ૨૦

હોટેલમાં રોકાણ કરનાર ગ્રાહક, મુસાફરોની માહિતી 'પથિક' સોફટવેરમાં ઓનલાઈન નોંધણી કરવા માટે અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.'પથિક'(પ્રોગ્રામ ફોર એનાલીસીસ ઓફ ટ્રાવેલ્સ એન્ડ હોટેલ ઈન્ફોર્મેશન) સર્વર અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાંચ ખાતે કાર્યરત છે. ક્રાઈમ બ્રાંચ સોફટવેર સાથે રજિસ્ટર થયેલા હોટેલ ધારક જ ક્રાઈમબ્રાંચ ખાતેથી આપવામાં આવેલા યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા એન્ટ્રી કરી શકે છે.જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે અમરેલી જિલ્લાની તમામ હોટેલ અને ગેસ્ટ હાઉસ ખાતે આવતા પ્રાંત, રાજય, દેશ-વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગતો પથિક સોફટવેરમાં હોટેલના માલિક અથવા સંચાલકે અવશ્ય કરવી.સોફટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે બહુમાળી ભવન, એ-બ્લોક, પ્રથમ માળ રૂમ નંબર-૧૦૨, એસ.ઓ.જી શાખા, અમરેલી ખાતેથી હોટલ સંચાલક, માલિકે હોટેલની વિગતો રજૂ કરી યુઝર આઈડી-પાસવર્ડ દિન-૧૦માં મેળવી લેવા.આ જાહેરનામું તા.૨૭.૦૯.૨૦૨૬ સુધી અમલી રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કાનૂની કાર્યવાહી હાથ ધરાશે.


## સ્વયંભુશ્રી પુરાતની શ્રી ગરણેશ્વર મહાદેવ

કોટડાપીઠા, તા. ૨૦

કોટડાપીઠાથી થોરખાણ રોડ પર ગરણી, પાનસડા ગામ વચ્ચે બે નદીઓ વચ્ચે આવેલ સ્વયંભુ શ્રી ગરણેશ્વર મહાદેવનું મંદિર પ્રાકૃતિક સૌદર્ય સાથે ચકતજનોનુ મન હરી લે છે.

સ્વયંભુ શ્રી ગરણેશ્વર મહાદેવની પ્રાગટય કથા આ પ્રમાણે છે બાજુના ગરણી-પાનસડા ગામના સોની લુહારની ગાય ગામના ગૌધણ સાથે ચારો ચરવા માટે જંગલમાંજતી હતી અને સાંજે ગામના ગૌધણ સાથે પાછી ફરતી સાંજે ગોવાળ ગાયને દોહવા બેસે તો આંચળમાં દુધના હોય, આમ વારંવાર થવાથી ગાયના માલીકે ગોવાળને ઠપકો આપ્યો ને કહયુ કે ગાયને દોહી લેતો લાગથે છે આ ઠપકો સાંધળી ગોવાળે બીજે દિવસે ગાયનું ખાસ ધ્યાન રાખ્યુ તો ગાય જંગલમાં ચારો ચરીને ત્યાં આવેલા રાફડા પર ઉભી રહીને ચારેય આંચળ માંથી દુધની ધારા વહેવા લાગી ગાયના માલીક તેમજ ગામ લોકોએ રાફડાની જગ્યાએ ખોદકામ કરતા તેમાંથી સ્વયંભુશ્રી મહાદવની લીંગ પ્રાગટય થઈ બાજુમાં ગરણી ગામ આવેલ હોવાથી શ્રી ગરણેશ્વર મહાદેવ નામ રાખવામાં આવ્યું.

મંદિરની આજુબાનુ ઉચા ઝાડ હોવાથી અહીંયા રાષ્ટ્રીય પક્ષી મોર, ઢેલનાં ટહુકા તેમજ અન્ય પક્ષીઓના કલરવથી વાતાવરણ મનોહર, આહલાદક અને સૌર્યલક્ષી



લાગે છે કર્ણુકી નદીના કાંઠાના ઉપરના ભાગે ડટણ સો પટણ થયેલ ટીંબો આવેલ છે ત્યાં જુનુ ગામ હશે તેવુ બુર્ઝુગોનુ કહેવુ છે ચોમાસામાં ભકતજનોનું વરસાદથી ખેલલ ન પડે તે માટે પતરાનો વિશાળ શેડ તેમજ ભોજનાલય દાતાઓના સહયોગથી બનાવી આપવામાં આવેલ છે.

શ્રાવણ માસના દર સોમવારે તેમજ સાતમ આઠમના તહેવાર પર અહીંયા મેળો ભરાય છે તેમજ જન્માષ્ટમીના દિવસે પરંપરાગત ડ્રેસમાં પાનસડા ગામની રાસમંડળી રાસની રમઝટ બોલાવી સર્વભકતજનોની મનોકામના પુર્ણ કરે છે, શ્રાવણ માસમાં ભકતજનો ભગવાનને બીલ્વીપત્ર, પુષ્પ તેમજ દુધનો અભિષેક કરી ધન્યતા અનુભવે છે, હર હર મહાદેવના નાદથી વાતાવરણ ગુંજી ઉઠે છે.

### પોલીસ વડાએ તમામ પોલીસ સ્ટેશનને સુચના આપી

## અમરેલી જિલ્લામાં દેશી-વિદેશી દારૂનાં ધંધા સામે લાલ આંખ કરો

**દરોડો પાડવાની કાર્યવાહી શરૂ થતાં બુટલેગરોમાં ફફડાટ**

અમરેલી, તા. ૨૦

ભાવનગર શહેરમાં ચકચારી બનેલા નકલી દારૂ કાંડમાં મૃત્યુઆંક સતત વધી રહ્યો છે, જેને પગલે અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા પણ અમરેલી જિલ્લામાં આવો કોઈ કાંડ સર્જાય અને લોકોના જીવ જાય તે પહેલા આવા દેશી તથા વિદેશી દારૂના ધંધા સાથે સંકળ ાયેલ શખસો સામે ધોરણસર કાર્યવાહી કરવા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના વડા તથા તમામ જિલ્લાની બ્રાન્ચને સૂચના આપતા અમરેલી જિલ્લામાં દરેક વિભાગીય પોલીસ વડા સાથે પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી દરોડાની કાર્યવાહી હાથ ધરતા બુટલેગરરો તથા નશાનો વેપાર કરતા ઈસમોમાં વ્યાપાક ફફડાટ ફેલાયો છે.

### કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને લઈને

## અમરેલી જિલ્લામાં સ્પા, મસાજ પાર્લરનાં સંચાલકોએ આવશ્યક વિગતો પોલીસ સ્ટેશને આપવી જરૂરી

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરાયું**

અમરેલી, તા. ૨૦

સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને ધ્યાને લઈને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામુંપ્રસિધ્ધ કર્યુછે, આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લામાં લાગુ પડશે.

સમગ્ર જિલ્લાનાં તમામ વિસ્તારમાં આવેલા સ્પા, મસાજ પાર્લરનાં માલિક, સંચાલકોએ નામ, સરનામા, મોબાઈલ નંબર, કર્મચારીઓની તમામ વિગતો, તેમના ફોટોગ્રાફસ, આધારકાર્ડ નંબર, ડ્રાઈવિંગ લાઈસન્સ નંબર, પાર્ટનરનું નામ, સરનામા અને મોબાઈલ નંબર સહિતની વિગતો પોલીસ સ્ટેશનને ફરજિયાત આપવી.૩૦ દિવસનાં સી.સી.ટી.વી કેમેરા રેકોર્ડિંગ રહે તે રીતે રિસેપ્શન તથા કોમન એરિયામાં સહિતનાં વિસ્તારને આવરી લેતા સી.સી.ટી.વી. કેમેરા ફરજિયાત રાખવા, જે જરૂર પડયે સંબંધિત પોલીસ સ્ટેશને આપવા.

સ્પા, મસાજ પાર્લર માલિકનું પોતાનું હોય તો તે પુરાવા અથવા ભાડે હોય તો ભાડા કરાર સહિતનાં પુરાવાઓની નકલ આપવી. સ્પા, મસાજ પાર્લરમાં આવતા જતા ગ્રાહકોની આઈ.ડી.પ્રૂફ ફરજિયાત રાખવાની રહેશે, રજિસ્ટર નિભાવવું, તમામ વિગતો કોરા કાગળ પર લખીને પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવી. આ અંગે સંબંધિત પોલીસ સ્ટેશને રજિસ્ટર નિભાવવા.

આ હુકમ તા. ૨૭/૯/૨૦૨૬ સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ની જોગવાઈઓ અન્વયે કાર્યવાહી થશે.

### ખેલો મહાકુંભના વિજેતા ખેલાડીઓએ

## રમત ગમત કચેરી ખાતેથી સર્ટિફિકેટ મેળવી લેવા

**વધુ વિગત માટે ફોન પર સંપર્ક કરો**

અમરેલી, તા. ૨૦

ખેલ મહાકુંભ-૩.૦ અને ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત અમરેલી જિલ્લામાં તાલુકાકક્ષા અને જિલ્લા કક્ષાએ યોજાયેલ સ્પર્ધાઓમાં વિજેતા થયેલ ખેલાડીઓ, તેમજ જિલ્લા કક્ષાએ યોજાયેલ સ્પેશિયલ ખેલ મહાકુંભ- ૩.૦ અને સ્પેશિયલ ખેલ મહાકુંભ- ૨૦૨૫ના વિજેતા ખેલાડીઓના પ્રમાણપત્રો (સર્ટિફિકેટ) સરદાર પટેલ રમત સંકુલ, અમરેલી કચેરી ખાતે આવી ગયા છે. આથી તમામ કન્વીનરો, આચાર્યો તથા સ્પર્ધકોએ વિજેતા ખેલાડીઓની યાદી સાથે ઓફિસે આવીને આ સર્ટિફિકેટ મેળવી લેવાના રહેશે. આ અંગેની વધુ વિગત માટે ઓફિસના સંપર્ક નંબર ૦૨૭૯૨-૨૯૯૦૬૧ પર ઓફિસ સમય દરમિયાન (સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી) ફોન કરીને સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા રમત ગમત કચેરીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## કોંગ્રેસનું પ્રતિનિધિ મંડળ લઠ્ઠાકાંડની તપાસ માટે આજે ભાવનગર પહોંચશે

# ભાવનગરનાં લઠ્ઠાકાંડની હાઈકોર્ટનાં સિટિંગ જજનાં નેતૃત્વમાં તપાસ કરો

### ભાજપ સરકારની હપ્તાખોરીનાં કારણે ગુજરાતમાં દારૂ–ડ્રગ્સની રેલમછેલ : અમિત ચાવડા

અમદાવાદ, તા. ૨૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ આજે રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાત વર્ષોથી શાંતિપ્રિય ગુજરાત તરીકે સમગ્ર દેશમાં ઓળખાય છે અને ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના કાયદાએ પણ આ શાંતિ જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. પરંતુ ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિન સરકારની હપ્તાખોરીની નીતિના કારણે આજે ગુજરાતમાં દારૂબંધીનો કાયદો માત્ર કાગળ પર રહી ગયો છે. રોજ જાહેરમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડતા બનાવો સામે આવી રહ્યા છે અને ગુજરાતની જનતા તેનો ભોગ બની રહીછે.



ભાજપ સરકારની હપ્તાખોરીના કારણે ગુજરાતની સરહદો પરથી ટ્રકો અને કન્ટેનરો ભરીને દારૂ ગુજરાતમાં ઠલવાય છે અને રાજયની ગલીએ–ગલીએ દારૂની રેલમછેલ જોવા મળે છે. નાની ઉંમરે યુવાનો દારૂ અને ડ્રગ્સના નશામાં સપડાઈને પોતાનું જીવન બરબાદ કરી રહ્યા છે, અનેક પરિવારો બરબાદ થઈ રહ્યા છે અને આપણી બહેન–દીકરીઓ નાની ઉંમરે વિધવા થઈ રહી છે. દારૂ અને ડ્રગ્સની બદીના કારણે જાણે ગુજરાત 'ઉડતા ગુજરાત' બની ગયું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આજે સામાન્ય લોકોમાં પણ સવાલ છે કે ગુજરાતમાં દારૂ આટલી મોટી માત્રામાં આવે છે અને વેચાય છે કેમ ? કારણ કે બૂટલેગરો દારૂ અને ડ્રગ્સનો હપ્તો પોલીસ સ્ટેશનથી શરૂ કરીને મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના કાર્યાલય સુધી પહોંચાડે છે અને તેથી જ તેઓ કોઈનો વાળ વાંકો ન કરી શકે તેવી જાહેરમાં શેખી મારતા હોય છે.

### કાયદો અને વ્યવસ્થા અને દારૂબંધીની નિષ્ફળતા બદલ ગૃહમંત્રીનાં રાજીનામાની માંગ

આ સરકારના શાસનમાં દારૂ વેચાય છે, દારૂ પીવાય છે અને વારંવાર લઠ્ઠાકાંડ પણ થાય છે. સરકારની ગુનાહિત બેદરકારીના કારણે લઠ્ઠાકાંડમાં અનેક નિર્દોષ લોકોના મોત થાય છે. આ હત્યાકાંડ માટે પણ રાજય સરકાર જવાબદાર છે. ભાવનગરનો હાલનો દુઃખદ બનાવ કોઈ પહેલો બનાવ નથી. ભાજપના શાસનમાં વર્ષોથી લઠ્ઠાકાંડની ઘટનાઓ બની રહી છે. વર્ષ ૨૦૦૯માં અમદાવાદમાં લઠ્ઠાકાંડમાં ૧૪૦થી વધુ લોકોનાં મોત થયા હતા અને આશરે ૨૦૦ લોકોની આંખોની રોશની જતી રહી હતી. વર્ષ ૨૦૧૬માં સુરતમાં લઠ્ઠાકાંડમાં ૧૬થી વધુ લોકોનાં મોત થયા હતા. વર્ષ ૨૦૨૨માં અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર અને બોટાદમાં બનેલા લઠ્ઠાકાંડમાં ૫૦ લોકોનાં મોત થયા હતા. વર્ષ ૨૦૨૪માં ગાંધીનગરના દેહગામમાં બનેલા લઠ્ઠાકાંડમાં બે લોકોનાં મોત થયા હતા અને અનેક લોકો અસરગ્રસ્ત થયા હતા. વર્ષ ૨૦૨૫માં ખેડાના નડિયાદમાં લઠ્ઠાકાંડમાં ત્રણ લોકોનાં મોત થયા હતા અને અનેક લોકો અસરગ્રસ્ત થયા હતા.

વર્ષોથી આવી ઘટનાઓ બનતી હોવા છતાં સરકાર કાયમી ઉકેલ લાવવામાં નિષ્ફળ રહી છે. આ પરંપરા પાછળનું મુખ્ય કારણ ભાજપ સરકારમાં વ્યાપેલો ભ્રષ્ટાચાર અને હપ્તાખોરી છે. જો સરકાર દારૂ અને ડ્રગ્સમાંથી હપ્તા લેવાનું બંધ કરીને દારૂબંધીના કાયદાનો ઈમાનદારીપૂર્વક અમલ કરાવે તો ગુજરાતમાં એક ટીપું પણ દારૂ ન મળે તેવી સ્થિતિ ઊભી થઈ શકે છે. પરંતુ પૈસા કમાવાની લાલસા અને હપ્તાખોરીના કારણે સરકાર દારૂના ગેરકાયદેસર નેટવર્ક સામે કડક કાર્યવાહી કરતી નથી.

ભાવનગર જિલ્લાના કરકડી ગામે બનેલા તાજેતરના લઠ્ઠાકાંડ અંગે પોલીસની એફઆઈઆરમાં ઝેરી કેમિકલયુકત લઠ્ઠાના કારણે લોકોનાં મોત થયાની વિગતો નોંધવામાં આવી છે. આ બનાવમાં આશરે છ લોકોનાં મૃત્યુ થઈ ચૂકયાં છે અને અનેક લોકો હજુ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. એફઆઈઆરમાં નોંધાયેલી વિગતો મુજબ ડુપ્લિકેટ દારૂ બનાવવા માટે મિથેનોલ અમદાવાદના સરખેજથી ટ્રાન્સપોર્ટ મારફતે ભાવનગર સુધી લઈ જવામાં આવ્યું હતું. વધુ ગંભીર બાબત એ છે કે આ ડુપ્લિકેટ દારૂ બનાવનારા આરોપીઓએ અગાઉ પણ બે વખત આ રીતે ડુપ્લિકેટ દારૂ બનાવીને વેચ્યો હોવાનું એફઆઈઆરમાં નોંધાયું છે.

એફઆઈઆરમાં જો આટલી પેટી દારૂ લાવવામાં આવ્યો હતો, આટલો દારૂ બનાવવામાં આવ્યો હતો, મટીરીયલ કયાંથી આવ્યું હતું, કયાં સ્ટોરેજ થયું હતું અને કયાં સપ્લાય કરવામાં આવ્યું હતું તેની વિગતો પોલીસને બનાવ બન્યા બાદ અને લોકોનાં મોત થયા બાદ જ કેમ મળે છે ? આ તમામ બાબતોની અગાઉથી પોલીસને જાણ કેમ ન થઈ ? હપ્તો લેવાની લાલસાના કારણે આ સમગ્ર ગેરકાયદેસર પ્રવૃત્તિને પહેલાં કેમ રોકવામાં આવી નહીં ? લોકોનાં મોત થયા બાદ જ પોલીસ કાર્યવાહીના નામે તમામ વિગતો સામે આવે છે તે અત્યંત ગંભીર બાબત છે.

### દારૂબંધીનાં કાયદાનાં લીરેલીરા ઉડતાં હોય તેવા બનાવો દરરોજ સામે આવી રહ્યા છે

ગુજરાતની જનતાનો સવાલ છે કે દારૂબંધીનો કાયદો શેના માટે છે ? સરહદો પરથી કન્ટેનરો ભરીને દારૂ ગુજરાતમાં આવે છે તો તેના માટે કોણ જવાબદાર છે ? કોઈ વિસ્તારમાં દારૂ વેચાય અને લઠ્ઠાકાંડ થાય ત્યારે માત્ર જે તે પોલીસ સ્ટેશનના અધિકારીઓને જ જવાબદાર ઠેરવીને સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. એસપીની જવાબદારી કેમ નક્કી થતી નથી ? રેન્જ આઈજીની જવાબદારી કેમ નક્કી થતી નથી ? ડીજીપીની જવાબદારી કેમ નક્કી થતી નથી ? રાજયના ગૃહમંત્રી ગુજરાતની જનતા સમક્ષ આવીને જવાબદારી કેમ સ્વીકારતા નથી ? મુખ્યમંત્રી કેમ દિલગીરી વ્યકત કરીને એ સ્વીકારતા નથી કે તેમની સરકાર દારૂબંધીના કાયદાનો અમલ કરવામાં નિષ્ફળ રહી છે અને તેના કારણે નિર્દોષ લોકોનાં જીવ ગયા છે ?

રાજયના ગૃહમંત્રીની મૂળ ભૂત જવાબદારી ગુજરાતની જનતાની સલામતી, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાની અને દારૂબંધીના કાયદાનો કડક અમલ કરાવવાની છે. પરંતુ ગૃહમંત્રી કયાંક ગરબા રમતા, કયાંક રીલ્સ બનાવતા કે અન્ય કાર્યક્રમોમાં વ્યસ્ત જોવા મળે છે, જયારે ગુજરાતમાં લઠ્ઠાકાંડમાં લોકોનાં મોત થઈ રહ્યાં છે. ગૃહમંત્રીએ પોતાની મૂળ ભૂત જવાબદારી નિભાવવાની જરૂર છે. તેથી કોંગ્રેસ પક્ષની સ્પષ્ટ માંગ છે કે ગૃહમંત્રી ગુજરાતની જનતા સમક્ષ આવે, પોતાની જવાબદારી સ્વીકારે અને જો થોડી પણ નૈતિકતા હોય તો તાત્કાલિક રાજીનામું આપે.

### ગુજરાતની સરહદો પરથી ટ્રકો અને કન્ટેઈનર ભરીને દારૂ ગુજરાતમાં ઠલવાઈ રહ્યાનો આક્ષેપ

કોંગ્રેસ પક્ષની બીજી મુખ્ય માંગણી અંગે ભાવનગર લઠ્ઠાકાંડની સમગ્ર ઘટનાની હાઈકોર્ટના સિટિંગ જજના નેતૃત્વમાં સીટ બનાવીને નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે. આ કોઈ પ્રથમ બનાવ નથી, પરંતુ વારંવાર આવા બનાવો બની રહ્યા છે અને નિર્દોષ લોકોનાં જીવ જઈ રહ્યા છે. તેથી માત્ર નાના આરોપીઓની ધરપકડ કરીને સમગ્ર પ્રકરણનો અંત લાવી શકાય નહીં. દારૂ બનાવનારાઓથી લઈને સપ્લાય કરનારાઓ, મિથેનોલ પહોંચાડનારાઓ, ગેરકાયદેસર નેટવર્ક અને તેની સામે કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેલા પોલીસ તથા વહીવટી તંત્રની ભૂમિકા સહિત સમગ્ર કડીની તપાસ થવી જોઈએ.

ભાવનગરમાં બનેલા લઠ્ઠાકાંડની હકીકત જાણવા, અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવા અને સમગ્ર પ્રકરણની જાત તપાસ કરવા માટે કોંગ્રેસનું પ્રતિનિધિ મંડળ કે જેમાં પ્રદેશ કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, પૂર્વ ધારાસભ્ય રાજેશભાઈ ગોહિલ, પ્રદેશ ઉપપ્રમુખ ડો. હેમાંગભાઈ વસાવડા, પ્રદેશના મહામંત્રી હરિભાઈ ભરવાડ અને વિરેન્દ્રસિંહ વાઘેલા (અજીતસિંહ), ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોહરસિંહ ગોહિલ, ભાવનગર જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રવિણભાઈ રાઠોડ આવતીકાલે ભાવનગરની મુલાકાત લેશે. પ્રતિનિધિમંડળ સમગ્ર ઘટનાની હકીકત, જવાબદાર લોકો અને તંત્રની ભૂમિકા અંગે માહિતી મેળવી વિગતવાર રિપોર્ટ તૈયાર કરશે અને આવનારા વિધાનસભા સત્રમાં આ મુદ્દે સરકારને જવાબદાર ઠેરવીને ચર્ચા કરવામાં આવશે. સાથે જ ગુજરાતની જનતાના હિતમાં ગૃહમંત્રીના રાજીનામાની માંગણી પણ વિધાનસભામાં ઉઠાવવામાં આવશે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર વાર્તામાં પ્રદેશ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, કો–કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ, પ્રવકતા ડો. હિરેન બેંકર, ડો. અમિત નાયક હાજર રહ્યાં હતાં.

---

### શ્રી નાગનાથ મહાદેવ મંદિરમાં ટ્રસ્ટી તરીકે વરણી થતાં

## અમરેલી જિલ્લાના બ્રહ્મ સમાજના અગ્રણીને શુભેચ્છા પાઠવવામાં આવી

### ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મસમાજ ટ્રસ્ટ દ્વારા શુભેચ્છા

અમરેલી, તા. ૨૦

અમરેલીના બ્રહમ સમાજના અગ્રણી તનસુખભાઈ ઠાકરની શ્રી નાગનાથ દેવસ્થાન સંસ્થાન ટ્રસ્ટનાં ટ્રસ્ટી તરીકે વરણી થતાં તેઓને શુભેચ્છા મળી રહી છે.

ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહમ સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ એમ.જી. જોષી, બકુલેશભાઈ પંડયા, રમેશભાઈ પંડયા, નટવરલાલ ઠાકર, ડો. નિલેશ જાની, વિશાલભાઈ પંડયા, ધર્મેન્દ્રભાઈ ભટ્ટ, ગીરીશભાઈ ભટ્ટ, ડો. શોભનાબેન મહેતા, હિનાબેન ભટ્ટ,



રમેશભાઈ ઠાકર, દિલીપભાઈ મહેતા, મલયભાઈ મહેતા, જવાહરભાઈ ઠાકર, અમિતકુમાર ઠાકર, જગદિશભાઈ પંડયા, મનોજભાઈ પંડયા, ભરતભાઈ વ્યાસ, દિપ્તીબેન ભટ્ટ અને હર્ષાબેન પંડયાએ શુભેચ્છા પાઠવી છે.

---

### પાના ૮ ઉપરનું ચાલું ખેડૂતો ટ્રેકટર લઈને તંત્રના દ્વારે પહોંચ્યા

વાહન વેરિફિકેશન માટે એકઠા કરવામાં આવ્યા હતા.

ખેડૂતોનો આક્ષેપ છે કે વેરિફિકેશન માટે ખેડૂતોને પોતાના ગામ કે ખેતર સુધી બોલાવી સ્થળ નિરીક્ષણ કરવાની જવાબદારી તંત્રની હોવા છતાં વિભાગ દ્વારા એક જ સ્થળે તમામ ટ્રેકટરોના માલિકોને ટ્રેકટર સાથે બોલાવવામાં આવ્યા. પરિણામે દૂરના ગામડાઓમાંથી ખેડૂતોને ટ્રેકટર લઈને સાવરકુંડલા સુધી લાંબો ધક્કો ખાવાનો વારો આવ્યો હતો.

અત્યારે ખાસ કરીને હાલ ખેતીની સિઝન ચાલી રહી છે ત્યારે ખેડૂતો માટે સમય અત્યંત કિંમતી છે. આવી સ્થિતિમાં વેરિફિકેશનના નામે આખો દિવસ ટ્રેકટર લઈને સાવરકુંડલા આવવું અને ડીઝલનો ખર્ચ કરવો પડે તે ખેડૂતો માટે વધારાની મુશ્કેલી બની હોવાનું ખેડૂતોએ જણાવ્યું હતું.

સરકાર દ્વારા આપવામાં આવતી સબસીડી યોજનાની ખેડૂતો દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી, પરંતુ યોજનાનો લાભ મેળવવાની પ્રક્રિયામાં તંત્ર દ્વારા થતી હેરાનગતિ સામે ખેડૂતોએ ભારે નારાજગી વ્યકત કરી હતી.

ખેડૂતોમાં સવાલ ઉઠયો છે કે સરકારની યોજનાનો લાભ ખેડૂતોના હિત માટે છે કે પછી તંત્રની કામગીરી સરળ બનાવવા માટે ? જો અધિકારીઓ પાસે સ્થળ નિરીક્ષણ કરવાની વ્યવસ્થા અને પૂરતો સ્ટાફ ન હોય તો તેની સજા ખેડૂતોને શા માટે ભોગવવી પડે ? ખેડૂતોનું કહેવું છે કે વેરિફિકેશનની કામગીરી માટે એક જ સ્થળે ૨૦૦ જેટલા ટ્રેકટરો બોલાવવાથી વિભાગનું કામ કદાચ સરળ બન્યું હશે, પરંતુ ખેડૂતોનો સમય, ડીઝલ અને ખર્ચ વધ્યો છે.

**પૂરતો સ્ટાફ ન હોવાથી એક સ્થળે વેરિફિકેશન : ખેતીવાડી વિભાગ**

આ મામલે ખેતીવાડી વિભાગનું કહેવું છે કે પૂરતો સ્ટાફ ઉપલબ્ધ ન હોવાથી દરેક ખેડૂતના સ્થળે જઈને વેરિફિકેશન કરવું મુશ્કેલ હોવાથી તમામ ટ્રેકટરોને એક જ સ્થળે બોલાવી વેરિફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જો કે, વિભાગના આ ખુલાસાથી ખેડૂતોના રોષમાં ઘટાડો થયો નથી. ખેડૂતોનો સવાલ છે કે સ્ટાફની અછત તંત્રની આંતરિક વ્યવસ્થાનો પ્રશ્ન છે, તેનો બોજ ખેડૂતોના ખભા પર કેમ નાખવામાં આવે ? સરકારી યોજનાનો લાભ લેવા માટે ખેડૂતોને સમય, ટ્રેકટર અને ડીઝલ ખર્ચીને દૂરથી કુંડલા સુધી આવવું પડે તે કેટલું યોગ્ય છે તે અંગે હવે ચર્ચા જાગી છે.

**ખેડૂતોની માંગ :** આગામી સમયમાં સબસીડી યોજનાના વેરિફિકેશન માટે ખેડૂતોને બિનજરૂરી ધક્કા ન ખવડાવી તેમના ગામ કે ખેતર નજીક સ્થળ નિરીક્ષણની વ્યવસ્થા કરવામાં આવે તથા તંત્રની પ્રક્રિયા ખેડૂતો માટે સરળ બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

---

### પાના ૧ ઉપરનું ચાલું બાબરા : સ્કૂલ વાન અને દૂધના કેન ભરેલ

ઘટના સ્થળે દોડી આવેલા લોકોએ ભારે જહેમત બાદ ચાલકને વાહનમાંથી બહાર કાઢયો હતો. જોકે સદનસીબે ચાલકને હાથમાં સામાન્ય ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

અકસ્માતની જાણ થતાં વી.એલ. ગેલાણી વિદ્યાલયના સંચાલક કાળુભાઈ ગેલાણી સહિત આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સ્કૂલ બસમાં વિદ્યાર્થીઓ સવાર હોવાથી ઘટનાને પગલે ચિંતાનો માહોલ સર્જાયો હતો, પરંતુ વિદ્યાર્થીઓનો આબાદ બચાવ થતાં શાળા પરિવાર અને વાલીઓએ રાહતનો દમ લીધો હતો.

રાજકોટ–ભાવનગર હાઈવે પર અકસ્માતને પગલે થોડા સમય માટે લોકોના ટોળા એકત્ર થયા હતા. બનાવ અંગે હાલ બાબરા પોલીસ મથકમાં કોઈ ફરિયાદ નોંધાઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

---

### પાના ૮ ઉપરનું ચાલું વડિયામાં ડાલામથ્થાની ડણક

ઝૂંપડપટ્ટી વિસ્તારમાં માનવ વસવાટ છે તે લોકોમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો. જોકે સિંહોનાં આગમનથી સિંહ પ્રેમીઓમાં ખુશી તો માલધારીઓ, ખેડૂતો અને લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે વન વિભાગ આ બાબતે પેટ્રોલિંગ વધારીને પૂરતો સ્ટાફ ફાળવી સિંહોની કોઈ પંજવણી ના થાય તે બાબતે કાર્યવાહી કરે તે પણ ખુબ જરૂરી છે. તો બીજી બાજુ સિંહોનાં વધતા વસવાટથી વડિયામાં વાઈલ્ડ લાઈફની ઓફિસ આપવા પણ સ્થાનિકોની માંગ ઉઠી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

---

### પાના ૧ ઉપરનું ચાલું લીલીયા મોટાનાં આંબા ખાતે ચાલતી

છે. ખાણ ખનીજ વિભાગની ટીમે અચાનક દરોડો પાડીને ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી.

દરોડા દરમિયાન સ્થળ પરથી બિનઅધિકૃત રીતે ખનીજનું વહન કરતા બે ડમ્પર ઝડપી પાડવામાં આવ્યા હતા. ખાણ–ખનીજ વિભાગે બંને ડમ્પર મળીને કુલ રૂા.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તંત્રની આ સરપ્રાઈઝ કાર્યવાહીને પગલે પંથકના ખનીજ માફિયાઓ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. આ અંગે ખાણ–ખનીજ વિભાગ દ્વારા સંબંધિત નિયમો મુજબ આગળની કાયદેસરની દંડનીય અને તપાસાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

---

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના બળેલ પીપરીયા ગામના રેવન્યુ સર્વે નંબર ૮/૨ ની જમીન હે.–૦,આરે.–૮૦,ચો.મી.–૯૪,વાળી ખેતીની જમીન ખરીદ કરવા અંગે

**જાહેર નોટિસ**

ગુજરાત રાજયના રજી. ડીસ્ટ્રીકટ અમરેલીના સબ– ડીસ્ટ્રીકટ બાબરાના બળેલ પીપરીયા ગામના ખાતા નં.૮૯૬ જેના રેવન્યુ સર્વે નંબર ૮/૨ ની જરાયત પ્રકારની ખેતીની ખેડવાણ જમીન હે.–૦, આરે.–૮૦, ચો.મી.–૯૪, વાળી જમીન **(૧) ધનજીભાઈ કરશનભાઈ દાફડા અને (૨) લાલજીભાઈ હમીરભાઈ બગડા** ની સંયુકત માલીકી, કબ્જા–ભોગવટાની આવેલ હોય તેનો વેચાણ, વ્યવહાર, વહીવટ વિગેરે કરવાનો તેઓને સંપૂર્ણ હક્ક, સત્તા અને અધિકાર હોય તે અધિકારની રૂએ સદરહું ખેતીની ખેડવાણ જમીન **શ્રી હંસાબેન ગણેશભાઈ સાંયજા** તે વા./ઓ. **કિશોરભાઈ ઘેટીયા** રહે. રાજકોટ વાળા અમારા અસીલે સુથીની રકમ ચૂકવી ખરીદ કરવા નક્કી કરેલ છે.


સબબ ઉપરોકત વર્ણન વાળી મિલ્કત સંબંધે કે તેના વેચાણ સંબંધે કોઈપણ વ્યકિત, પેઢી, મંડળી કે, એસાઈનીઓ કે, વારસદારો વિગેરેનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, વારસાઈ હક્ક, ભરણ–પોષણનો હક્ક, હાલવા–ચાલવાનો હક્ક, લેણું, બોજો, ગીરો, લીયન, કે કોઈપણ જાતની જવાબદારી કે હક્ક, અધિકાર, કોઈનો દર–દાવો, કબ્જા હક્ક કે કોઈપણ અન્ય સાટાખત કે મુખત્યારનામાંના હક્કો, જો હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિવસ–૦૮(આઠ) માં લેખીત આધાર – પુરાવા સાથે નીચેનાં સરનામે જાણ કરવી. મુદ્દત વિત્યે આ મિલ્કત પરત્વે કોઈના કોઈપણ જાતના હક્ક, હિત, હિસ્સો, કે વાંધા–તકરાર નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ માની અમારા અસીલ સદરહું મિલ્કત ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે. અને ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા કે તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા – વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

**સ્થળ : બાબરા, તા. ૨૦/૦૮/૨૦૨૬**
મુ.બાબરા, ઠે.ઓફીસ નં.૧૪, ગ્રાઉન્ડ ફલોર, નાગનાથ કોમ્પ્લેક્ષ, તા.બાબરા, જિ.અમરેલી પીન નં.–૩૬૫૪૨૧,
**મો.નં.૯૪૨૭૦ ૬૩૧૧૪**
**મો.નં.૬૩૫૩૨ ૨૯૧૩૮**

**અમારા મારફત એડવોકેટ**
**જગદીશ બી. કારેટીયા**
**પારસકુમાર જે. કારેટીયા**
**(ગુજરાત હાઈકોર્ટ)**

---

## અમરેલી : ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલનો જિલ્લા કક્ષાએ ટેકવેન્ડો સ્પર્ધામાં ૧૫-સુવર્ણ , ૮-રજત પદક પ્રાપ્ત કર્યા



અમરેલી ૯ ઓગસ્ટ ૨૦૨૬નાં રોજ એસજીએફઆઈ જિલ્લા કક્ષાની ટેકવેન્ડો સ્પર્ધાનું આયોજન સાવરકુંડલા ખાતે થયું હતું. જેમાં જિલ્લાનાં અલગ–અલગ શ્રેષ્ઠસ્પોટર્સ શાળાકીય ટેકવેન્ડો ખેલાડીઓ બહોળી સંખ્યામાં આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં અમરેલી ગજેરા કેમ્પસ– વિદ્યાસભાનાં ખેલાડીઓએ સ્પર્ધામાં ભાગ લઈ સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી ફાઈનલ સુધીનો સફર સફળ બનાવીને સુવર્ણ, રજત પદક મેળવી અમરેલીનું જિલ્લા કક્ષાએ ગૌરવ વધાર્યું છે. જેમાં સુવર્ણ પદક મેળવનાર (૧) સોલંકી પલ, (૨) ભડાણીયા હાસ્તી, (૩) દવે દિશા, (૪) કાનાણી હીરવા, (૫) બારૈયા પરી, (૬) ગાલણિ ઉર્વીશા, (૭) કરેણા ઉરવી, (૮) બાવળિયા, (૯) પરમાર અભય, (૧૦)વાળા વિશ્વરાજ, (૧૧) વાળા દેવેન્દ્ર, (૧૨) ડાંગર ધાર્મિક, (૧૩) ધાધલ મનદીપ, (૧૪) વાળા વંશ, (૧૫) ડાંગર માનવ અને રજત પદક મેળવનાર (૧)નાઘેરા જીયા, (૨) આલ ધનશ્રી, (૩) ખસિયા અનિતા, (૪) ખસિયા ગુંજન, (૫) ગમારા હાર્દિક, (૬) ડોંડા મંથન, (૭) વામજા કૃપાલ, (૮) ધડુક હેનિલ ટેકવેન્ડો ગેમમાં વિજેતા થયા. આ ગૌરવસભર સિદ્ધિ પાછળ અમરેલી જિલ્લા ગજેરા કેમ્પસ– વિદ્યાસભા સ્પોટર્સ સ્કૂલની વિશેષ ભૂમિકા રહી છે. તેમની સતત મહેનત, નિયમિત પ્રશિક્ષણ અને કોચના માર્ગદર્શનનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. પ્રારંભિક રાઉન્ડથી જ ટીમે પોતાની શક્તિ અને આત્મવિશ્વાસનો પરિચય આપતા સતત શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું હતું. સંસ્થામાં તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, અને મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ ટેકવેન્ડો ગેમનાં ખેલાડી ટીમ, તેમજ કોચ વિકુશભાઈ ભેડાને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

### ભાવનગર ખાતે લઠ્ઠાકાંડના પીડિતોની ''આપ''ના આગેવાનોએ મુલાકાત લીધી

# લઠ્ઠાકાંડમાં નિર્દોષ યુવાનોનો ભોગ લેવાઈ રહ્યો છે : ગોપાલ ઈટાલીયા

**૩ વર્ષ પહેલા બોટાદ બરવાળાનાં લઠ્ઠાકાંડ મુદ્દે અમે અવાજ ઉઠાવ્યો હતો : ઈટાલીયા**

**દર વર્ષે અલગ – અલગ જિલ્લામાં લઠ્ઠાકાંડ થતા હોય અનેક બહેનો નાની ઉમરે પતિ ગુમાવે છે**

**રક્ષાબંધન નજીકમાં આવે છે અને બહેનોનાં ભાઈ છીનવાઈ ગયા એ ભાઈને મંત્રી પાછા લાવી શકશે**

**તક્ષશિલામાં આગથી બધા કોચિંગ કલાસ બંધ થાય તો દારૂકાંડ બને તો કેમ દારૂ વેચાતો બંધ થતો નથી**






અમરેલી, તા. ૨૦

ભાવનગર પંથકમાં થયેલ લઠ્ઠાકાંડ બાદ ભાજપ સરકાર ઉપર ભીંસ વધારવા માટે કોંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટી પણ મેદાનમાં ઉતરી છે. આવતીકાલે કોંગ્રેસપક્ષનું પ્રતિનિધિ મંડળ ભાવનગરની મુલાકાતે જવાનું હોય આજે આમ આદમી પાર્ટીનાં ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, રાજુભાઈ સોલંકી અને બ્રિજરાજ સોલંકીએ ભાવજગરની સર ટી હોસ્પિટલ ખાતે લઠ્ઠાકાંડના પીડિતોની મુલાકત લઈને બાદમાં પત્રકાર પરિષદને સંબોધન કર્યુ હતું.

તેઓએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે,લઠ્ઠાકાંડ જેવા બનાવોને લીધે નિર્દોષ યુવાનોનો ભોગ લેવાય છે. અને સરકાર માત્ર દારૂબંધીની વાતો કર્યા કરે છે. ૩ વર્ષ પહેલા આ જ જગ્યા પર બોટાદ–બરવાળાના લઠ્ઠાકાંડ મુદે અવાજ ઉઠાવ્યો છતાં સરકાર સક્રીય ન બની.

વધુમાં જણાવ્યું કે, રક્ષાબંધન નજીકમાં આવે છે. અને બહેનોનાં ભાઈ છીનવાઈ ગાય તો મહિલાઓ નાની ઉમરે પતિ ગુમાવી દે છે. જો બહેનોની પિડા ગાંધીનગર સુધી પહોંચતી હોત તો લઠ્ઠાકાંડની ઘટના ન ઘટી હોત,

વધુમાં જણાવ્યું કે, સરકારના મંત્રીઓની વાત બુટલેગરો માનતા નથી, દાદાની સરકારનો એવી હોય કે જયાં દારૂ તો શું ? પાણી પણ ખરાબ ન મળવું જોઈએ, પણ અીહંયા તો અવાર–નવાર લઠ્ઠાકાંડ થાય છે. પરંતુ, સરકારમાં બેઠેલ જવાબદાર વ્યકિત રાજીનામુ પણ નહી આપે. એટલે જનતાએ વિચાર કરવાનો સમય આવી ચુકયો છે તેમ અંતમાં જણાવેલ છે.

---

### કળશ પૂજન બાદ ઢોલ–નગારાનાં નાદ સાથે યાત્રાનો પ્રારંભ

## બાબરામાં ગુરૂ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતિ નિમિત્તે ''સમરસતા સંકલ્પ યાત્રા'' યોજાઈ

**''જય ગુરૂદેવ, ધન ગુરૂદેવ'' ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૦

બાબરા શહેર ભાજપ પરિવાર દ્વારા સંત શિરોમણી શ્રી ગુરૂ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતિ નિમિત્તે ''સમરસતા સંકલ્પ યાત્રા'' અને ' 'કળશ વિતરણ'' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

બાબરા શહેરના સંકટ મોચન સર્વોપરી હનુમાનજી દાદાનાં મંદિર ખાતે વિવિધ આગેવાનોની ઉપસ્થિતિમાં કળશ પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઢોલ–નગારાના ગાજતા નાદ સાથે ભવ્ય સમરસતા સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. યાત્રા દરમિયાન ''જય ગુરૂદેવ, ધન ગુરૂદેવ'' ના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

સંત શિરોમણી શ્રી ગુરૂ રવિદાસ મહારાજે સમાજને આપેલા સમાનતા, એકતા, ભાઈચારો અને માનવસેવાનાં સંદેશને જન–જન સુધી પહોંચાડવાનાં સંકલ્પ સાથે યોજાયેલી આ યાત્રામાં ભાજપના હોદ્દેદારો, કાર્યકરો, સ્થાનિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સમાજ બંધુઓ અને ગ્રામજનો જોડાયા હતા.કળશ યાત્રાનું વિવિધ સ્થળોએ ભાવભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સેએ સંત શ્રી ગુરૂ રવિદાસ મહારાજનાં સમરસતા અને માનવકલ્યાણનાં વિચારોને જીવનમાં ઉતારી સમાજમાં ભેદભાવ વિના સૌને સાથે લઈને ચાલવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે ભાજપનાં આગેવાનો અને કાર્યકરોએ જણાવ્યું હતું કે, ગુરૂ રવિદાસ મહારાજનાં વિચારો આજે પણ સમાજને એકતા, સમાનતા અને સેવા તરફદોરી જતી પ્રેરણાની જયોત સમાન છે, ત્યારે તેમની ૬૫૦મી જન્મજયંતિ નિમિત્તે યોજાયેલી આ સમરસતા સંકલ્પ યાત્રા સામાજિક એકતાનો મજબૂત સંદેશ આપનારી બની રહી હતી.

---

### પીપાવાવ બ્રિજ પર હિટ એન્ડ રન

## ચાંચ ગામના યુવકનું સારવાર દરમિયાન મોત, એક ગંભીર

**અકસ્માત એટલો ભયાનક હતો કે, ટુ-વ્હીલર પર સવાર બંને સવારીઓ રસ્તા પર પટકાઈ પડ્યા હતા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા**

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લાના રાજુલા નજીકથી પસાર થતા સોમનાથ-ભાવનગર નેશનલ હાઈવે પર પીપાવાવ બ્રિજ પર એક અત્યંત ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે. એક પૂરપાટ ઝડપે આવતી ચાર પૈડાં વાળી ગાડીના ચાલકે ટુ-વ્હીલર (દ્વિચક્રી વાહન) પર જઈ રહેલા બે નિર્દોષ લોકોને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે, ટુ-વ્હીલર પર સવાર બંને સવારીઓ રસ્તા પર પટકાઈ પડ્યા હતા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા વ્યક્તિના જણાવ્યા અનુસાર, અજાણ્યો ફોર-વ્હીલર ચાલક પોતાના વાહનને પૂરપાટ અને બેદરકારીપૂર્વક ચલાવી રહ્યો હતો. ટુ-વ્હીલરને જોરદાર ટક્કર માર્યા બાદ વાહન ચાલક માનવતા નેવે મૂકીને ઘટના સ્થળેથી ગાડી લઈને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા.ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અકસ્માતમાં ભોગ બનેલા બંને વ્યક્તિઓને પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર અર્થે રાજુલાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, બંને ઈજાગ્રસ્ત વ્યક્તિઓ નજીકના ચાંચ ગામના રહેવાસી છે.ઈજાગ્રસ્તો પૈકી માલદેવ બાલાભાઈ ગુજરિયા નામના યુવકની હાલત અત્યંત ગંભીર જણાતા તેમને રાજુલાથી વધુ સારવાર અર્થે મહુવાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યાં સારવાર દરમિયાન માલદેવભાઈ ગુજરિયાનું કરુણ મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે ચાંચ ગામમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે. ઘટના અંગે પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

### રાજય સરકારે ૪ લાખની સહાય કરી

## મોટા દેવળીયામાં તળાવમાં ડુબી ગયેલ બાળકનાં મોત બાદ પરિવારને સહાય

**ધારાસભ્યના હસ્તે સહાયનો ચેક અર્પણ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૦

બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામ ખાતે થોડા દિવસો અગાઉ તળાવમાં પડી જવાથી ૧૩ વર્ષીય બાળકનું દુઃખદ અવસાન થયું હતું. આ કરૂણ ઘટનાથી પરિવારજનો પર આભ તૂટી પડયું હતું. પરિવારની આ મુશ્કેલ ઘડીમાં રાજય સરકાર દ્વારા સંવેદનશીલ અભિગમ અપનાવી રાજય સરકારના રાહત ફંડમાંથી રૂ. ૪ લાખની સહાય મંજૂર કરવામાં આવી હતી.

આ સહાયનો ચેક લાઠી–બાબરાના સન્માનીય ધારાસભ્ય જનકભાઈતળાવિયા દ્વારા મૃતક બાળકના પરિવારજનોને અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યએ દુઃખી પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી, સાંત્વના પાઠવી અને આ કપરા સમયમાં પરિવાર સાથે સરકાર તથા સ્થાનિક આગેવાનો ખડેપગે ઊભા હોવાનો ભાવ વ્યક્ત કર્યો હતો.
સરકારની સહાય સમયસર પરિવાર સુધી પહોંચે તે માટે સ્થાનિક આગેવાનો દ્વારા પણ જરૂરી સંકલન કરવામાં આવ્યું હતું. દુઃખની આ ઘડીમાં આર્થિક સહાય પરિવાર માટે થોડી રાહતરૂપ બની છે.

આ પ્રસંગે મોટા દેવળીયા જિલ્લા પંચાયતના સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળા, બાબરા તાલુકા પંચાયતના પ્રમુખ તુષાર રામાણી, ઉપપ્રમુખ મનીષભાઈ કાલેણા, તાલુકા પંચાયત સભ્ય અજીતભાઈ ખોખરીયા, તેમજ વિમલ પરમાર, હસુભાઈ જાવિયા, દિવ્યરાજભાઈ વાળા, દાનાભાઈ ભરવાડ સહિતના સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સરકારની આ સહાય અને આગેવાનોની સંવેદનશીલ ઉપસ્થિતિથી મૃતક બાળકના પરિવારજનોને આ દુઃખદ સમયમાં થોડી આર્થિક તથા માનસિક રાહત મળી હતી.

---

# કુંકાવાવ તાલુકાના વિવિધ ગામડાઓમાં નવા નીરના વધામણા કરતા ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા










રાજય સરકારના કાયદો અને ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ કુંકાવાવ તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે, ઉનાળા દરમિયાન વિવિધ ગામડાઓમાં તળાવો ઊંડા ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ચાલુ ચોમાસાંની સિઝનમાં સારો વરસાદ થતાં ઊંડા ઉતારેલ તળાવોમાં નવા નીરની આવક થઈ છે. ઊર્જા રાજયમંત્રીએ જળ સુરક્ષા અને સમૃધ્ધિના પ્રતીક સમાન નવા નીરના હર્ષોલ્લાસ સાથે વધામણા કર્યા હતા. રાજયમંત્રીએ પરંપરાગત રીતે જળાશયોમાં જળનું પૂજન કર્યુ હતુ. નવા નીરની આવકના પગલે તળાવો છલકાતા આગામી સમયમાં સ્થાનિક ખેડૂતો અને નાગરિકો માટે સંગ્રહ થયેલ જળ આશીર્વાદરૂપ સાબિત થશે. કુંકાવાવ તાલુકાના કોલડા, નવા ઉજળા, મોટી કુંકાવાવ, નાજાપુર, રામપુર અને તોરી એમ કુલ ૬ ગામોના તળાવોમાં નવા નીરની આવકના પગલે અને જળાશયોમાં વરસાદી જળસંગ્રહ થવાથી ગ્રામીણ વિસ્તારો અને ખેતી ક્ષેત્રે વરદાનરૂપ પરિવર્તન આવે છે. જયારે ચોમાસાના પાણીનો યોગ્ય સંગ્રહ થાય છે, ત્યારે આસપાસના વિસ્તારોમાં ભૂગર્ભ જળના સ્તર ઊંચા આવે છે, જેના કારણે કૂવા અને બોરવેલમાં પાણીની અછત વર્તાતી નથી. આ જળસંગ્રહને લીધે ખેડૂતોને માત્ર ચોમાસા પૂરતું જ નહીં, પરંતુ શિયાળુ અને ઉનાળુ પાક માટે પણ સિંચાઈનું પૂરતું પાણી મળી રહે છે, જે કૃષિ ઉત્પાદન અને ખેડૂતોની આવક વધારવામાં સીધો ભાગ ભજવે છે. આ ઉપરાંત, પશુધનને પીવા માટે અને રોજિંદા વપરાશ માટે બારેમાસ પાણી ઉપલબ્ધ થતાં સમગ્ર ગ્રામીણ અર્થતંત્ર મજબૂત અને આત્મનિર્ભર બને છે. નવા નીર વધામણાના આ તમામ કાર્યક્રમોમાં તાલુકા પંચાયતના હોદ્દેદારો, વિવિધ ગ્રામ પંચાયતના સરપંચો, પંચાયતના સભ્યો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

મગજ અને ચેત્રાતંત્રના રોગોના નિષ્ણાંત અમરેલીમાં
તારીખ ૨૧/૦૮/૨૦૨૬ | મહિનાના ત્રીજા શુક્રવારે | સમય બપોરે ૧ થી ૨
-:: લક્ષણો ::-
પક્ષઘાત, બળતરા, સ્નાયુ નો દુઃખાવો, લકવાની સઘન સારવાર, હાથ પગમાં ઝણઝણાટી, ખેંચ, વાઈ, આંચકી, આધાશીશી, ચક્કર આવવા, માથા નો દુઃખાવો
24/7 Emergency Services
ડો. આશુતોષ દુધાત્રા
MBBSS,MD (Medicine), DrNB Neurology
કન્સલ્ટન્ટ-ન્યુરોફિઝિશિયન
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 95120 15846/99789 66629

## ટ્રેક્ટરની સબસીડીનાં વેરિફિકેશન માટે જનતા સરકારને દ્વાર પહોંચી

# સાવરકુંડલા : જગતાત ગણાતા ખેડૂતો ટ્રેક્ટર લઈને તંત્રના દ્વારે પહોંચ્યા

**માર્કેટયાર્ડ ખાતે ૨૦૦ જેટલા સબસીડીવાળા ટ્રેક્ટર આવી પહોંચ્યા**

**ખેતીની મોસમ વચ્ચે ખેડૂતો સમય અને ડીઝલનો વ્યય કરવા મજબુર બન્યા**

**જવાબદાર તંત્રનાં કર્મચારીઓ ગામડે-ગામડે પહોંચી ન શક્યા અને ખેડૂતોને બોલાવ્યા**

**લોકશાહી શાસન વ્યવસ્થામાં પણ લોકોની સુવિધા વધતી નથી તે હકીકત છે**



અમરેલી, તા. ૨૦

ખેડૂતોને ટ્રેક્ટર માટે સરકારી સબસીડીની યોજનાનો લાભ આપવાની વાતો કરતી ખેતીવાડી કચેરી હવે ટ્રેક્ટરના વેરિફિકેશનની પ્રક્રિયામાં ખેડૂતોને જ સાવરકુંડલા સુધી ધક્કા ખવડાવી રહી હોવાનો આક્ષેપ ઉઠયો છે. ત્યારે સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ ખાતે એક સાથે ૨૦૦ જેટલા સબસીડીવાળા ટ્રેક્ટરોના માલિકોને વાહન વેરિફિકેશન માટે બોલાવવામાં આવતા દૂર-દૂરના ગામડાંમાંથી ખેડૂતોને ટ્રેક્ટર લઈને સાવરકુંડલા આવવાની ફરજ પાડી હતી. હાલમાં ખેડૂતોને ખેતીની સિઝન વચ્ચે પણ સમય અને ડીઝલનો ખર્ચ કરીને ખેડૂતોને આર્થિક નુકસાન વેઠવાનો વખત આવ્યો હોવાના આક્ષેપો સાથે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

સરકારની સબસીડી યોજનાનો લાભ મેળવી ટ્રેક્ટર ખરીદનારા ખેડૂતો માટે વેરિફિકેશનની પ્રક્રિયા સરળ બનાવવાને બદલે સાવરકુંડલા ખેતીવાડી વિભાગે ખેડૂતોને જ સાવરકુંડલાના ધક્કા ખવડાવ્યા હોવાનો મામલો સામે આવ્યો છે. સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ ખાતે સબસીડીવાળા આશરે ૨૦૦ જેટલા ટ્રેક્ટરોના માલિકોને ટ્રેક્ટર સાથે

અનુસંધાન પાના ૬ ઉપર

## દારૂનો ધંધો શરૂ કરવા માટે રકમની માંગ કરી

# સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનનાં એએસઆઈ રૂપિયા પાંચ હજારની લાંચ લેતા ઝડપાયા

**અમરેલી એસીબીએ છટકુ ગોઠવી ઝડપી લીધા**

અમરેલી, તા. ૨૦

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનનાં એએસઆઈ શ્યામભાઈ



બગડા અમરેલી એસીબીએ લાંચની રકમ પાંચ હજાર સાથે ઝડપી લેતા પોલીસ બેડામાં ચકચાર મચી છે.

વિગત એવા પ્રકારની છે કે, આ ામના ફરીયાદી અગાઉ દેશી દારૂનો ધંધો કરતા હતા પરંતુ હાલ ધંધો બંધ કરી દીધેલ હોવા છતા આરોપીએ દારૂનો ધંધો ફરીથી શરૂ કરવા દબાણ કરેલ અન્યથા ખોટા કેસો કરવાની ધમકી આપેલ હતી અને ફરીથી દારૂનો ધંધો શરૂ કરી તેની અવેજીમાં રૂા. ૧૦,૦૦૦/- ની માંગણી કરેલ અને રકઝકના અંતે રૂપિયા ૫,૦૦૦/- માં નકકી થયેલ જે લાંચની રકમ ફરીયાદી આક્ષેપિતને આપવા માંગતા ન હોય જેથી "૧૦૬૪ ગોલ ફ્રી નંબર" ઉપર એસીબીનો સંપર્ક કરી અમરેલી એસીબી પોલીસ સ્ટેશન ખાતે આવી ફરીયાદ આપેલ હતી.

જે ફરીયાદીની ફરીયાદ આધારે આજરોજ લાંચના છટકાનુ આયોજન કરેલ હતુ જે લાંચના છટકા દરમિયાન આ કામના આરોપી ફરીયાદી પાસેથી લાંચની રકમ રૂા. ૫,૦૦૦/- માંગણી કરી સ્વીકારી પોતાના હોદાનો દુરઉપયોગ કરી સ્થળ પર પકડાઈ જઈ ગુન્હો કરેલ છે.

## ઝૂંપડપટ્ટી વસવાટ નજીક મારણ થતા ભયનો માહોલ

# વડિયામાં ડાલામથ્થાની ડણક ફરી સંભળાઈ રાત્રીનાં ગામનાં પાદરમાં મારણની ઘટના બની

**ચાર સિંહનું આગમન : વન વિભાગ એક્ટિવ મોડમાં આવે તેવી માંગ**



વડિયા, તા. ૨૦

અમરેલી જિલ્લામાં સિંહોનો વસવાટ દિન પ્રતિદિન વધતો જાય છે. છેલ્લા થોડા સમયથી સિંહોનાં વધતા માનવ પરનાં હુમલાઓએ લોકોને ચિંતિત કર્યા છે. અમરેલી જિલ્લાનાં છેવાડાનાં તાલુકા મથક એવા વડિયા અને આસપાસનાં વિસ્તારમાં ઘણા સમયથી સિંહોનો નવો વસવાટ સ્થાપીત થતો જોવા મળ્યો છે. હાલ ફરી ચાર સિંહોનું આગમન વડિયામાં થતુ જોવા મળ્યું છે. ગત રાત્રીએ વડિયાથી ઢૂંઢિયા પીપળીયા તરફ જવાનાં રસ્તે ગામના પાદરમાં સુરવો નદી કિનારે આવેલાં માલધારીઓના વાડામાં એક ગાયનું સમી સાંજે મારણ કર્યું હતું. માલધારીઓને ખ્યાલ આવતા પશુઓની રક્ષા કાજે સિંહોને તાગેડયા હતા. ત્યારબાદ અમરેલી રોડ પર સંપની બાજુમાં એક ગાયનું મારણ કરી મિજબાની માણી હતી. આ મારણ જે જગ્યાએ થયુ હતુ તેની તદ્દન નજીક

અનુસંધાન પાના ૬ ઉપર

FESTIVAL OFFER
रक्षाबंधन થી जन्माष्टमी
કોઈપણ 1 Facial Regular Price પર લો અને મેળવો 2nd Facial પર 50% ડિસ્કાઉન્ટ
2nd Facial તમે જાતે વાપરી શકો છો અથવા તમારા Brother, Sister, Friend કે Family Member ને Gift કરી શકો છો
22 થી 30 August
2nd Facial Valid Till 6 September
આયુરવ્યો આયુર્વેદીક એસ્થેટીક્સ માણેકપરા, અમરેલી +91 91060 20550

શ્રી ગણેશ
3D/4D સોનોગ્રાફી & એક્સરે ક્લિનિક
ડો. ભરત બી. પાડા MBBS, DMRE
Consultant Radiologist & Sonologist
બી.એમ. ચોક, માણેકપરા, મેઈન રોડ, લીલીયા રોડ, અમરેલી
ફોન : ૦૨૭૯૨ - ૨૨૦૩૩૩ મોબાઈલ : ૯૯૨૫૨ ૬૭૯૮૧ - ૯૯૦૧૮ ૨૯૪૯૧

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

પાર્ટ ટાઈમ કમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે
પેજમેકર ફોટોશોપ કોરલડ્રોનો અનુભવ જરૂરી
કામનો સમય સાંજે ૪:૩૦ થી ૧૧:૩૦
અમરેલી એક્સપ્રેસ
જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક પાછળ, અમરેલી

સ્વાસ્થ્યની સફરમાં તમારો આજીવન સાથી
૧૨,૦૦૦+ દર્દીઓના જીવનમાં હોમિયોપેથી દ્વારા સકારાત્મક પરિવર્તન
લાંબી અને જટિલ માંદગીમાંથી મુક્તિ માનસિક સ્વાસ્થ્ય, ન્યુરોલોજીકલ અને ચેતાર્તત્રના રોગો, ચામડી અને સૌંદર્યલક્ષી રોગો, શ્વસનતંત્રના રોગો, સ્ત્રીરોગ, હોર્મોન્સ અને ડાયાબિટીસની સારવાર કિડની અને મૂત્રમાર્ગના રોગો, પેટ અને પાચનના રોગો, સાંધાના રોગો
SANSKAR HOMEO CARE
ડો. જીતેન્દ્ર પટેલ (BHMS)
સંસ્કાર હોમિયો કેર
લાઈફલાઈન કોર્નર સામે, માણેકપરા અમરેલી
MO.9998362335

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)